




હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો

Koshish Thi Kamyabi ♦ RNI No. GUJGUJ/2013/48176 ♦ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ♦ Monthly ♦ Postage stamp in cash

# Types of Hearing Aids



## IIC
Invisible
Inside the
Canal



## CIC
Completely
Inside
Canal



## ITC
Inside
The
Canal



## RIE
Receiver
In the
Ear



## BTE
Behind
the
Ear

ReSound

rediscover hearing

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . ૦૪
- ઉમદા સામાજિક કાર્યકર અને ઉદાર દિલ દાતા શ્રી અનુપમાબેન કપાસી . ૦૫
- પી.એન.આર. સોસાયટીની મુંબઈમાં યોજાયેલ સામાન્ય સભા . . . . . . . ૦૬
- કૌશલ્યવર્ધન કેન્દ્રની શરૂઆત . . . . ૦૬
- શ્રી જયંતભાઈ વનાણીના હસ્તે નવદંપતીને ચેક અર્પણ કાર્યક્રમ . . . ૦૭
- શ્રી હસુમતી શાહ હીયરિંગ એઈડ કોર્પસ ફંડ . . . . . . . . . . ૦૭
- શ્રવણયંત્ર અર્પણવિધિ . . . . . . . ૦૭
- સેવાઓને બિરદાવતો કાર્યક્રમ . . . ૦૮
- બહેરાં મૂંગા શાળા ખાતે ૧૫મી ઑગષ્ટની ઊજવણી . . . . ૦૮
- વાંચકો લખે છે . . . . . . . . . . . ૦૮
- ચશ્મા વિતરણનો કેમ્પ . . . . . . . ૦૯
- વિદાય સમારોહ. . . . . . . . . . ૦૯
- પાર્કિન્સન્સ દર્દીઓનો પ્રવાસ . . . . ૦૯
- મા. મુખ્યમંત્રીશ્રીનો આભાર પત્ર . . ૧૦
- કેનેડા પ્રવાસના સંસ્મરણો . . . . . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- પ્રાર્થનાસભા-શ્રદ્ધાંજલી . . . . . . . ૨૧
- વૃક્ષવંદના. . . . . . . . . . . . . . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## દિવ્યાંગોના જીવનમાં પરિવર્તન

દિવ્યાંગોના ક્ષેત્રમાં, નજીકના સમયમાં ઘણી પ્રગતિ થઈ છે, જેમાં નોબેલ પારિતોષિક વિજેતા સ્ટિફન હોકિંગ, વિશ્વ સ્તરે ઝળકી ઉઠેલ મહાન પ્રતિભા છે. હાલમાંજ પૂર્ણ થયેલ, 'રિઓ પેરાઓલિમ્પિકસ'માં ૧૫૦૦ મીટરની રેસમાં ગોલ્ડ મેડલ જીતનાર દિવ્યાંગ ખેલાડી અલ્જેરિયાના અબ્દેલ્લાતિફ બાકાએ, તો **ઓલિમ્પિક ખેલાડી**ના રેકોર્ડને પણ તોડયો છે. આ પેરા ઓલિમ્પિકસમાં ભારતના દિવ્યાંગ ખેલાડીઓએ ઝળહળતો દેખાવ કર્યો છે, જેમાં દેવેન્દ્ર ઝાંઝરિયાએ જેવલિન થ્રોમાં પોતાનો રેકોર્ડ તોડી ગોલ્ડ મેડલ, તથા હાઈ જમ્પમાં મરિયપ્પન થાંગાવેલુએ ગોલ્ડ અને વરૂણસિંહ ભાટીએ સિલ્વર તથા શોટપુટમાં દિપા મલિકે સિલ્વર મેડલ મેળવી, દેશનું નામ રોશન કર્યું છે, તે સૌને અભિનંદન.

હાલમાં જ નવસારી ખાતે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં દિવ્યાંગ લોકોને સાધન સહાય વિતરણમાં ત્રણ વિશ્વ વિક્રમો અને અન્ય વિક્રમો સ્થપાયા. તે પણ ઉલ્લેખનીય છે. છેલ્લે, સરકાર દ્વારા દિવ્યાંગોને મળતી સહાય, સીધી તેમના બેંક એકાઉન્ટમાં જમા થશે તે આવકાર્ય છે. આ બધી આશાસ્પદ અને ઉત્સાહ પ્રેરક બાબતો છતાં, હજુ કરોડો દિવ્યાંગોના જીવનમાં પરિવર્તન માટે ઘણું કરવાનું બાકી રહે છે, તેની પણ નોંધ લેવી ઘટે.

✍ **કિરીટ રાઠોડ**

In dwelling, live close to the ground. In thinking, keep to the simple. In conflict, be fair and generous. In governing, don't try to control. In work, do what you enjoy. In family life, be completely present.


**- Tao Te Ching**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૪૬**
  **ઓક્ટોબર - ૨૦૧૬**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety@gmail.com
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **વૈશાલી યોગી**
  **નેહલ ત્રિવેદી**
  **શશીકાંત વડિયા**
  **આરિફ જેઠવા**
  **નીતા રૈયા**
  **હિના મહેતા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE

K. D. PADIA



**Smt. Jyotiben dalal disabled women empoerment scheme floated only recently has received 65 applications of disabled women. Of these, 7 for Job Placement, 32 for Business, 2 for Appliances and 24 for Training**

## ➢ AGM OF PNR SOCIETY

The 17th Annual General Body Meeting (AGM) was held on 17th September 2016 at 6:00 pm in the Mafatlal House, Mumbai. Secretary Shri Anant Shah presented Annual Activity Report 2015-16 and Audited Accounts which were unanimously adopted. While describing free services rendered by the Society, Shri Anant Shah mentioned about the need of finance in the light of cut of grant imposed by the Impact Foundation and stressed need of finding other sources of funding for Society's prestigious programme of Prevention of Disability, and Rehabilitation. Shri Natvarbhai Desai, Chairman also emphasized raising of additional resources of funding. A large number of donors and well-wishers who attended AGM extended their full support for raising additional resources of funding.

## ➢ HEARING AIDS DISTRIBUTION

Under Shri Hasumati Shah Hearing-aids Corpus Fund (Rs. 2.24 Lakh worth) and under Shri Sheth Ratanji and Jivandas Charitable Trust (Rs. 11.00 Lakh worth) hearing-aids were distributed among 84 students of the Institute in two different functions graced by family members of above both entities.

## ➢ TEACHERS EXCHANGE PROGRAMME & GUIDANCE CAMP

The Shah K. L. Institute for the Deaf organized a Teachers Exchange Meet wherein special educators of Deaf Institutes of Gujarat participated. It helped the teachers to exchange expertise and learn new dimensions of teaching the deaf. The Institute also organized Guidance Camp for providing Cochlear Implants.

## ➢ SMT. JYOTIBEN DALAL DISABLED WOMEN EMPOWERMENT

This scheme floated only recently has received 65 applications of disabled women. Of these, 7 for Job Placement, 32 for Business, 2 for Appliances and 24 for Training.

## ➢ PARKINSON'S PATIENTS' TOUR

Shri B. K. Parekh Parkinsons Support Group run by PNR Society took Parkinson's Patients on tour to Ghela Somnath where they were imparted physiotherapy exercises. They enjoyed the trip and thanked the organizers.

## ➢ INSPIRING GESTURE

The USA-based Dr. Puja Shah (Speech Therapist) visited Nataraj C. P. School and spared time to deliver speech therapy. Her patient, Crag Jenes, in USA was pleased to learn about C. P. School Children from Dr. Puja Shah and extended gesture of sending aids used for speech and language communication for the C. P. Children. This was gratefully acknowledged by the PNR administration.

## ➢ FAREWELL FUNCTIONS

Shri Jitendrabhai Champaklal Mehta, Internal Auditor from 1978 to 2016 and Shri Ranjitsinh Chauhan, Head Driver were felicitated on their laying down their offices. Shri Jitendrabhai Mehta donated Rs. 25,000/- each to the Shah K. L. Institute for the Deaf and the PNR Society. He also distributed silver coins to class IV employees of both the institutions.

## ➢ PRAYER MEETINGS

Rich tributes were paid to Late Shri R. B. Joshi, Welfare Officer of the PNR Society and Late Smt. Chandaben Shroff, a devoted social worker, in Prayer Meetings arranged in their honour.

## ➢ OTHER NEWS

Activities of K. L. Institute, Ankur School for Mentally Retarded Children, C. P. School and PNR Society, success stories, case studies, useful news for disabled, library corner, etc. are furnished in the issue.


# 'ઉમદા સામાજિક કાર્યકર અને ઉદાર દિલ દાતા'

✍ કિરીટ રાઠોડ






સ્વ.શ્રી અનુપમાબેન



શ્રી વિનુભાઈ પરીખ



શ્રી જીતુભાઈ મહેતા

જેમના વિલમાંથી રૂા. **૬૨ લાખ ઉપરાંતનું દાન**, પી.એન.આર. સોસાયટી અને તેની સંલગ્નિત સંસ્થાઓને મળ્યું છે. આપણને સૌને ઉત્કંઠા જગાવે તેવું નામ, 'સ્વ. અનુપમાબેન (ઝૈતુનબેન) એહમદઅલી કપાસી ! વોરા (મુસ્લિમ) કોમમાં જન્મેલાં અને સન ૧૯૮૩માં કોર્ટમાં **ડેકલેરેશન** દ્વારા, હિંદુ ધર્મ અંગિકાર કરનાર આ સન્નારીની જીવન કથા, એક ઝિંદાદિલ સ્ત્રીની સફળ સંઘર્ષથી ભરેલી છે. **આઝાદી લડતમાં જેલવાસ ભોગવનારા** અને અનેક સામાજીક કાર્યોની સાથે, તેઓ ગુજરાતની વિધાનસભામાં ૧૯૬૨ થી ૧૯૬૭ સુધી ધારાસભ્ય (ઘોઘા) તરીકે પણ ચૂંટાયા હતાં. સ્વ. અનુપમાબેનનો જન્મ સને ૧૯૨૪ માં મડાગાસ્કર (આફ્રિકા) ટાપુ દેશમાં થયેલો. તેમના પિતાશ્રી એહમદઅલીભાઈનો ત્યાં સારો વ્યાપાર ચાલતો. તેઓ ગાંધીજીની આઝાદીની લડતમાં સંકળાયને, ભારતમાં આવેલા અને ત્રણ વાર તેઓએ જેલવાસ પણ ભોગવેલો. પોતાના **સુધારાવાદી વલણ**ને કારણે પોતાની 'કોમ' માંથી **'નાત બહાર'** થયેલાં, એવા આ સુધારાવાદી પિતાના લક્ષણો, પુત્રી અનુપમાબેનમાં પણ ઉતરી આવેલા. જેમાં તેમને પણ ઘણું સહન કરવું પડયું હતું. મુંબઈમાં આવીને સત્યાગ્રહની લડત સાથે, અનેક સામાજીક સંસ્થાઓમાં કામગીરી કરતાં, આજીવન સેવાના ભેખધારી રહેલા.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. બળવંતરાય મહેતાના અતિ આગ્રહને માન આપી, તેઓ ભાવનગર આવ્યાં અને અનેકવિધ સામાજીક સંસ્થાઓના હોદ્દેદાર, ટ્રસ્ટી, કાર્યકર તરીકે, બાહોશીથી સફળ કામગીરી બજાવી. જેમાં ગાંધીસ્મૃતિમાં લાઈબ્રેરી, મ્યુઝિયમ, મહિલા ઉદ્યોગ, જિલ્લા સહકારી સંઘ, નંદકુંવરબા બાલાશ્રમ, શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, ગણેશ ક્રિડા મંડળ, ભગિની મંડળ, આનંદ વાટિકા, ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ, સ્વાતંત્ર્ય સૈનિક સમિતિ વગેરે મુખ્ય હતી.

ભારતના તેઓ **સૌ પ્રથમ સ્ત્રી ઉદ્યોગકાર** હતાં, કે જેમને ૧૩૩૭ એકરમાં **સોલ્ટ ફાર્મ** બનાવેલ અને પોતાના ઘોઘા વિસ્તારના આશરે ૫૦૦ વ્યકિતઓને રોજગાર આપેલો. પોતાના સમયના વિવિધ સામાજીક, રાજકિય અગ્રણીઓ સાથે, એક કુટુંબના સભ્ય તરીકે તેઓ સંબંધથી જોડાયેલાં હતાં. આવા સ્વ. અનુપમાબેન ૭૫ વર્ષની વયે સન ૧૯૯૯ માં આ ફાની દુનિયા છોડી ચાલ્યાં ગયાં. પરંતુ સમાજ પર એક અમીટ છાપ છોડીને ગયાં. સ્વ. અનુપમાબેને પોતાની **સંપતિનું વીલ** કરી, એકિઝકયુટર તરીકે પોતાના વિશ્વાસુ અને પ્રમાણિક સજજનો એવા, શ્રી વિનુભાઈ જે. પરીખ અને શ્રી જીતેન્દ્રભાઈ સી. મહેતાને નિમ્યાં હતાં. અને આ બંને મહાનુભાવોએ, અનુપમાબેનની ઈચ્છા પ્રમાણે, તેમની સંપતિના વીલની રૂએ, વિવિધ સામાજીક, શૈક્ષણિક, સંસ્થાઓને માતબર રકમનું દાન આપેલ છે. જેમાં પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે.

## સ્વ. અનુપમાબેન (ઝૈતુનબેન) એહમદઅલી કપાસી દ્વારા સંસ્થામાં અપાયેલ દાનની વિગત

| | | |
|---|---|---|
| **પી.એન.આર. સોસાયટી : કુલ રૂા.** | | **૧૮,૫૦,૦૦૦** |
| સી.પી.સ્કૂલ કલાસરૂમ | રૂા. | ૨,૫૦,૦૦૦ |
| સ્ટાફ કવાટર્સ | રૂા. | ૬,૦૦,૦૦૦ |
| જનરેટર | રૂા. | ૧૦,૦૦,૦૦૦ |
| **બહેરાં મૂંગા શાળા : કુલ રૂા.** | | **૩૧,૫૦,૦૦૦** |
| માધ્યમિક શાળા કલાસરૂમ | રૂા. | ૨,૫૦,૦૦૦ |
| સરદારનગર ડેફ હોસ્ટેલ ૩ રૂમ | રૂા. | ૯,૦૦,૦૦૦ |
| કોર્પસ ફંડ (જેના વ્યાજમાંથી જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે ની-બ્રેસ વિ. અપાશે.) | રૂા. | ૨૦,૦૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| **અંકુર શાળા : કુલ રૂા.** | | **૮,૭૫,૦૦૦** |
| રીક્ષા સહાય | રૂા. | ૧,૨૫,૦૦૦ |
| ફિઝીયોથેરાપી વિભાગ | રૂા. | ૫,૦૦,૦૦૦ |
| ઈન્વર્ટર | રૂા. | ૧,૦૦,૦૦૦ |
| ફર્નિચર | રૂા. | ૧,૫૦,૦૦૦ |
| **શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ : કુલ રૂા.** | | **૩,૫૦,૦૦૦** |
| સાધન સહાય | રૂા. | ૩,૫૦,૦૦૦ |


# ‘ઉમદા સામાજિક કાર્યકર અને ઉદાર દિલ દાતા’




કિરીટ રાઠોડ



સ્વ.શ્રી અનુપમાબેન



શ્રી વિનુભાઈ પરીખ



શ્રી જીતુભાઈ મહેતા

જેમના વિલમાંથી રૂા. **૬૨ લાખ ઉપરાંતનું દાન**, પી.એન.આર. સોસાયટી અને તેની સંલગ્નિત સંસ્થાઓને મળ્યું છે. આપણને સૌને ઉત્કંઠા જગાવે તેવું નામ, ‘સ્વ. અનુપમાબેન (ઝૈતુનબેન) એહમદઅલી કપાસી ! વોરા (મુસ્લિમ) કોમમાં જન્મેલાં અને સન ૧૯૮૩માં કોર્ટમાં **ડેકલેરેશન** દ્વારા, હિંદુ ધર્મ અંગિકાર કરનાર આ સન્નારીની જીવન કથા, એક ઝિંદાદિલ સ્ત્રીની સફળ સંઘર્ષથી ભરેલી છે. **આઝાદી લડતમાં જેલવાસ ભોગવનારા** અને અનેક સામાજીક કાર્યોની સાથે, તેઓ ગુજરાતની વિદ્યાનસભામાં ૧૯૬૨ થી ૧૯૬૭ સુધી ધારાસભ્ય (ઘોઘા) તરીકે પણ ચૂંટાયા હતાં. સ્વ. અનુપમાબેનનો જન્મ સને ૧૯૨૪ માં મડાગાસ્કર (આફ્રિકા) ટાપુ દેશમાં થયેલો. તેમના પિતાશ્રી એહમદઅલીભાઈનો ત્યાં સારો વ્યાપાર ચાલતો. તેઓ ગાંધીજીની આઝાદીની લડતમાં સંકળાયને, ભારતમાં આવેલા અને ત્રણ વાર તેઓએ જેલવાસ પણ ભોગવેલો. પોતાના **સુધારાવાદી વલણ**ને કારણે પોતાની ‘કોમ’ માંથી **‘નાત બહાર’** થયેલાં, એવા આ સુધારાવાદી પિતાના લક્ષણો, પુત્રી અનુપમાબેનમાં પણ ઉતરી આવેલા. જેમાં તેમને પણ ઘણું સહન કરવું પડયું હતું. મુંબઈમાં આવીને સત્યાગ્રહની લડત સાથે, અનેક સામાજીક સંસ્થાઓમાં કામગીરી કરતાં, આજીવન સેવાના ભેખધારી રહેલા.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. બળવંતરાય મહેતાના અતિ આગ્રહને માન આપી, તેઓ ભાવનગર આવ્યાં અને અનેકવિધ સામાજીક સંસ્થાઓના હોદ્દેદાર, ટ્રસ્ટી, કાર્યકર તરીકે, બાહોશીથી સફળ કામગીરી બજાવી. જેમાં ગાંધીસ્મૃતિમાં લાઈબ્રેરી, મ્યુઝિયમ, મહિલા ઉદ્યોગ, જિલ્લા સહકારી સંઘ, નંદકુંવરબા બાલાશ્રમ, શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, ગણેશ ક્રિડા મંડળ, ભગિની મંડળ, આનંદ વાટિકા, ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ, સ્વાતંત્ર્ય સૈનિક સમિતિ વગેરે મુખ્ય હતી.

ભારતના તેઓ **સૌ પ્રથમ સ્ત્રી ઉદ્યોગકાર** હતાં, કે જેમને ૧૩૩૭ એકરમાં **સોલ્ટ ફાર્મ** બનાવેલ અને પોતાના ઘોઘા વિસ્તારના આશરે ૫૦૦ વ્યકિતઓને રોજગાર આપેલો. પોતાના સમયના વિવિધ સામાજીક, રાજકિય અગ્રણીઓ સાથે, એક કુટુંબના સભ્ય તરીકે તેઓ સંબંધથી જોડાયેલાં હતાં. આવા સ્વ. અનુપમાબેન ૭૫ વર્ષની વયે સન ૧૯૯૯ માં આ ફાની દુનિયા છોડી ચાલ્યાં ગયાં. પરંતુ સમાજ પર એક અમીટ છાપ છોડીને ગયાં. સ્વ. અનુપમાબેને પોતાની **સંપતિનું વીલ** કરી, એકિઝકયુટર તરીકે પોતાના વિશ્વાસુ અને પ્રમાણિક સજજનો એવા, શ્રી વિનુભાઈ જે. પરીખ અને શ્રી જીતેન્દ્રભાઈ સી. મહેતાને નિમ્યાં હતાં. અને આ બંને મહાનુભાવોએ, અનુપમાબેનની ઈચ્છા પ્રમાણે, તેમની સંપતિના વીલની રૂએ, વિવિધ સામાજીક, શૈક્ષણિક, સંસ્થાઓને માતબર રકમનું દાન આપેલ છે. જેમાં પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે.

## સ્વ. અનુપમાબેન (ઝૈતુનબેન) એહમદઅલી કપાસી દ્વારા સંસ્થામાં અપાયેલ દાનની વિગત

| | | |
|---|---|---|
| **પી.એન.આર. સોસાયટી : કુલ રૂા.** | | **૧૮,૫૦,૦૦૦** |
| સી.પી.સ્કૂલ કલાસરૂમ | રૂા. | ૨,૫૦,૦૦૦ |
| સ્ટાફ કવાર્ટર્સ | રૂા. | ૬,૦૦,૦૦૦ |
| જનરેટર | રૂા. | ૧૦,૦૦,૦૦૦ |
| **બહેરાં મૂંગા શાળા :** | **કુલ રૂા.** | **૩૧,૫૦,૦૦૦** |
| માધ્યમિક શાળા કલાસરૂમ | રૂા. | ૨,૫૦,૦૦૦ |
| સરદારનગર ડેફ હોસ્ટેલ ૩ રૂમ | રૂા. | ૯,૦૦,૦૦૦ |
| કોર્પસ ફંડ (જેના વ્યાજમાંથી જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે ની-બ્રેસ વિ. અપાશે.) | રૂા. | ૨૦,૦૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| **અંકુર શાળા :** | **કુલ રૂા.** | **૮,૭૫,૦૦૦** |
| રીક્ષા સહાય | રૂા. | ૧,૨૫,૦૦૦ |
| ફિઝીયોથેરાપી વિભાગ | રૂા. | ૫,૦૦,૦૦૦ |
| ઈન્વર્ટર | રૂા. | ૧,૦૦,૦૦૦ |
| ફર્નિચર | રૂા. | ૧,૫૦,૦૦૦ |
| **શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ :** | **કુલ રૂા.** | **૩,૫૦,૦૦૦** |
| સાધન સહાય | રૂા. | ૩,૫૦,૦૦૦ |

# શ્રી જયંતભાઈ વનાણીના હસ્તે
# નવદંપતીને ચેક અર્પણ કાર્યક્રમ



શ્રી શાહ ખી.લ.બહેરાં મૂંગા શાળા-ટ્રસ્ટ દ્વારા, દર બે વર્ષે **વેવિશાળ પસંદગી મેળો** યોજાય છે. શ્રવણમંદ બાળકો પોતાના માટે સરળતાથી અને યોગ્ય જીવનસાથી મેળવી શકે તે હેતુથી, આ કાર્યક્રમ થાય છે. સંસ્થાના ૧૪માં વેવિશાળ પસંદગી મેળામાં જેમનું વેવિશાળ નકકી થયું હતું, તેવા **અંકિતા હરણિયા** અને **હિરેન પાડલિયા**ને,શ્રી નાનાલાલ ભગવાનભાઈ ચેરિટેબલ ટ્રસ્ટના એકઝિયુટિવ ટ્રસ્ટી શ્રી જયંતભાઈ વનાણી (શ્રી બુધાભાઈ) ના હસ્તે ચેક અર્પણનો કાર્યક્રમ, સંસ્થાના મહાવીર ઓડિટોરિયમમાં યોજાયો. કાર્યક્રમની શરૂઆત શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા અને બાળકોની પ્રાર્થનાથી થઈ. ત્યારબાદ શ્રી અશ્વિનભાઈ પંડયાએ સ્વાગત પ્રવચન કરેલ અને શ્રી બુધાભાઈએ શ્રી બાબાભાઈ શાહ અને શ્રી સુર્યકાંતભાઈ ચાવડાના વરદ્ હસ્તે, દીકરીને રૂા. ૩૬,૦૦૦/- અને દીકરાને રૂા. ૧૬,૦૦૦/- નો ચેક અર્પણ કરાવેલ. સંસ્થા તરફથી, શ્રી મફતભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ અને શ્રી મૃદુલાબેન દેસાઈના વરદ્ હસ્તે નવદંપતીને **કાંડા ઘડિયાળ** આપવામાં આવી. આ પ્રસંગે શ્રી બુધાભાઈએ પ્રાસંગિક પ્રવચન કરતાં, સંસ્થાના કામને બિરદાવેલ તથા સંસ્થાના તમામ બાળકોને આ મહિનામાં ચાર વખત મિષ્ટાન ભોજન આપવા, તેમજ એકવાર રંગોલીમાં રમવા-જમવા લઈ જવાની અને દિવાળી માટે દરેક બાળકોને ૧-૧ જોડી નવા કપડાં આપવાની જાહેરાત કરી હતી. સંસ્થાવતી શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદીએ આભાર દર્શન કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ઈલાબેન મજમુદાર અને ટીમે જહેમત ઉઠાવી હતી.

# શ્રી હસુમતી શાહ
# હીયરિંગ એઈડ કોર્પસ ફંડ



શાળામાં અભ્યાસ કરતા બાળકોને નાનપણથી અને તેમની શ્રવણખામીને અનુરુપ શ્રવણયંત્ર મળી રહે તે હેતુથી સંસ્થામાં, **શ્રી હસુમતી શાહ હીયરિંગ એઈડ કોર્પસ ફંડ** ઉભું કરાયું છે. શાળાના પૂર્વ આચાર્યા શ્રી ચેતનાબેન કોઠારી, તેમના ભાઈ શ્રી બકુલેશભાઈ શાહ અને શ્રી વિજયભાઈ શાહ દ્વારા, તેઓના માતુશ્રીની સ્મૃતિમાં અપાયેલ રૂા.૩૧ લાખના દાનથી આ ફંડ ઉભું કરાયું છે. આ ફંડના બીજા વર્ષના વ્યાજમાંથી રૂા.૨,૨૪,૦૦૦/- ના શ્રવણયંત્રો મોલ્ડ સાથે, આપવાનો એક કાર્યક્રમ યોજાયો. સંસ્થાના કુલ-૨૮ બાળકોને ૫૬ પેકેટ શ્રવણયંત્રો, કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી ચેતનાબહેન કોઠારીનાં વરદ્ હસ્તે અપાયાં. શ્રવણમંદ બાળકોના વાણી વિકાસમાં, તેમજ સામાન્ય સમાજમાં પુનઃસ્થાપિત થવા માટે, મહત્વનાં એવા શ્રવણયંત્રો મેળવી, બાળકોએ હર્ષની લાગણી અનુભવી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી પ્રીતિબહેન ભટ્ટ, શ્રી ફાલ્ગુનીબહેન મકવાણા તથા શ્રી શ્યામાબહેને જહેમત ઉઠાવેલ.

### શ્રવણયંત્ર અર્પણવિધિ

તા.૧૩/૮ ના રોજ શ્રી મહાવીર ઓડિટોરીયમમાં, શ્રી શેઠ રતનજી એન્ડ જીવનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા, **રૂા.૧૧ લાખના ૧૦૩ શ્રવણયંત્રો**, ૫૬ વિદ્યાર્થીને અપાયાં હતાં. આ કાર્યક્રમમાં ડો.અરવિંદભાઈ કોઠારી, શ્રી ભાસ્કરભાઈ કોઠારી, શ્રી નલિનીબેન કોઠારી, શાળાના ભૂતપૂર્વ આચાર્યાશ્રી ચેતનાબેન કોઠારી સાથે, ઉપસ્થિત રહયાં હતાં. શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ સૌ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. શ્રી અનંતભાઈ શાહે પોતાના વકતવ્યમાં, **શ્રવણમંદ બાળકો માટે કાન સમા શ્રવણયંત્રનું મહત્વ અનન્ય છે**, તેમ કહી દાતાશ્રીને, આપેલ દાન માટે બિરદાવેલ. પ્રાથમિક શાળાના આચાર્યા શ્રી ઈલાબેન મજમુદારે આભાર વિધિ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રીતિબહેન જોશીએ કરેલ.

# સેવાઓને બિરદાવતો કાર્યક્રમ સંપન્ન



શ્રી શાહ ખી.લ. બહેરા મૂંગા શાળામાં, એકાઉન્ટન્ટ તરીકે ૧૯૭૮ થી ૧૯૯૪ અને ત્યારબાદ ટ્રસ્ટ ખાતે, ઈન્ટરનલ ઓડિટર તરીકે ૧૯૯૪ થી ૨૦૧૬ સુધી, સંસ્થાના નાણાંકીય સંચાલનમાં સુદીર્ઘકાલીન જ્ઞાન અને અનુભવનો લાભ આપી, નિવૃત્ત થતાં, શ્રી જીતેન્દ્રભાઈ ચંપકલાલ મહેતાની સેવાઓને બિરદાવવાનો એક કાર્યક્રમ, સંસ્થાના મહાવીર ઓડિટોરીયમ ખાતે યોજાઈ ગયેલ.

આ પ્રસંગે શ્રીમતી પી.એન.આર.સોસાયટી, શ્રી કે.કે. અંધ ઉદ્યોગ શાળા, 'અંકુર'મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા, ભાવનગર નવજવાન સંઘ, ભાવનગર સેવાસમિતિ, ચકુબાગ વાડી વિગેરે સંસ્થાઓના ટ્રસ્ટીઓ કાર્યકરો અને સ્ટાફ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

બહેરા મૂંગા શાળા દ્વારા તેમનું, **અભિવાદન પત્ર** તથા **શાલ** દ્વારા સન્માન કરાયું, તેમજ સંલગ્નિત તમામ સંસ્થાઓ, તેમજ ઉપસ્થિત ટ્રસ્ટી, કાર્યકર્તાઓ, સ્ટાફ દ્વારા પણ બુકેથી અભિવાદન કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી જીતુભાઈ મહેતા તરફથી, સંસ્થાના છાત્રાલયના તમામ બાળકોને સાંજનુ ભોજન તેમના તરફથી કરાવ્યું, એટલુંજ નહી રૂા. ૨૫,૦૦૦/- નો ચેક બહેરા મૂંગા શાળાનો, ખજાનચી શ્રી જીતુભાઈ શાહને તથા રૂા. ૨૫,૦૦૦/- નો ચેક, પી.એન.આર. સોસાયટીના ખજાનચી શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાને અર્પણ કરી, કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરેલ આ ઉપરાંત તેમના જમાઈ શ્રી પંકજકુમાર જશવંતરાય મહેતા તથા દિકરી જિગીશાબેન તરફથી પણ, રૂા. ૧૧,૦૦૦/- નું દાન સંસ્થાને અપાયું. વિશેષમાં, વર્ગ-૪ના કર્મચારીઓને, શ્રી જીતુભાઈએ ચાંદીના સિકકાથી સન્માન કર્યુ હતું. આ પ્રસંગે સંસ્થા પ્રમુખ શ્રી ગિરીશભાઈ તથા શ્રી બાબાભાઈએ, તેમની સેવાઓને બિરદાવતા પ્રવચનો કર્યા હતાં. કાર્યક્રમની શરુઆતમાં શ્રી વૈશાલીબેને પ્રાર્થના રજુ કરેલ. મંત્રીશ્રી અશ્વિનભાઈએ સ્વાગત પ્રવચન અને કાર્યક્રમની રુપરેખા આપી હતી. સન્માન પત્રનું વાંચન શ્રી અમિતભાઈ શાહે કરેલ. જયારે આભારવિધિ શ્રી જીતુભાઈ શાહે કરી હતી. કાર્યક્રમની ઉદ્ઘોષણા અને સમગ્ર ઈવેન્ટનું મેનેજમેન્ટ, ઈન્ચાર્જ ઓ.એસ. શ્રી સુર્યકાંતભાઈ ચાવડાએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા, સ્ટાફ ટીમે સારી એવી જહેમત ઉઠાવી હતી.

## શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા ખાતે ૧૫મી ઓગષ્ટની ઊજવણી

આપણા રાષ્ટ્રીય પર્વ તરીકે ૭૦ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી, શાળાના મેદાનમાં રંગેચંગે કરવામાં આવી. શાળાની ધોરણ-૯ની વિદ્યાર્થિની ચિ. હિરલ સરવૈયાએ, એકાઉન્ટ વિભાગમાં ફરજ બજાવતા શ્રી વિજયભાઈ સરવૈયાના વરદહસ્તે, ધ્વજવંદન કરાવેલ. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહયાં હતાં. શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ, સૌને **સ્વાતંત્ર્ય પર્વ**ની શુભકામના પાઠવી હતી. શ્રી વિજયભાઈ સરવૈયાએ પ્રસંગોચિત ઉદ્બોધન કરેલ. આભારવિધિ માધ્યમિક શાળાના આચાર્યાશ્રી પ્રજ્ઞાબહેન ત્રિવેદીએ કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી કવિતાબહેન શાહે કરેલ.

## વાચકો લખે છે

**તંત્રીશ્રી,**
અંક નં.૪૪ મળેલ છે. આપ સર્વેને સેવા બદલ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

- **ધીરજલાલ મણિયાર,** મંત્રી, ધ્રાંગધ્રા ઈતિહાસ સંશોધન મંડળ

સપ્ટેમ્બર ૨૦૧૬ નો અંક જોઈ-વાંચીને ઘણોજ આનંદ થયો. એનું સંપાદન અત્યંત ઉત્તમ રીતે કરો છો, ભરપૂર છબીઓ-ચિત્રો અને બહુજ જરૂરી લખાણ. અનેક શુભેચ્છાઓ સહ.

- **માણેક એમ. સગોઇ,** મુંબઈ

સંસ્થાના મુખપત્ર 'કોશિશ થી કામયાબી' નિયમિત મળે છે. સપ્ટેમ્બર માસનો અંક મળ્યો.સંસ્થાની સેવાકિય પ્રવૃત્તિઓ અભિનંદનપાત્ર છે. માનવ સેવા ક્ષેત્રમાં આ આશીર્વાદરૂપ કામ છે. "માનવ સેવા એજ પ્રભુ સેવા" સૂત્રને સાર્થક કરવા માટે આપના તમામ પ્રયત્નો માટે શુભેચ્છાઓ.

- **મહેશભાઇ ઝવેરી,** વલસાડ

# ચશ્મા વિતરણનો કેમ્પ સુપેરે સંપન્ન


તા.૨૩/૭/૧૬ શનિવાર ના રોજ જીવન જયોત હોસ્પિટલ-ઠાડચ તા. પાલિતાણા ખાતે, પી.એન.આર. સોસાયટી, ભાવનગર તથા જીવન જયોત હોસ્પિટલના સહયોગથી, ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ સિનીયર સિટિઝન લોકોને, બે તાળાના ચશ્મા, રાહતદરે વિતરણ કરવા માટેનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ઠાડચ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના ૧૪૦ જરૂરિયાતમંદ લોકોને ચશ્મા વિતરણ કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પના આયોજનમાં ડૉ. તુષારભાઈ રાજયગુરુ તથા તેમની ટીમનો સારો સહયોગ મળેલ હતો. આ કેમ્પમાં



પી.એન.આર. સોસાયટીના સહ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ તથા ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા ઉપસ્થિત રહીને, કેમ્પના લાભાર્થીઓને ચશ્મા વિતરણ કરી, પી.એન.આર. સોસાયટી-પ્રિવેન્શન વિભાગની ટીમને પ્રોત્સાહિત કરેલ.

# પી.એન.આર.માં યોજાયેલ વિદાય સમારોહ

પી.એન.આર. સોસાયટી, ભાવનગર સંચાલિત પી.એન.આર. હોસ્પિટલના કોન્ફરન્સ રૂમમાં, તા. ૩૦ સપ્ટે. ૧૬ શુક્રવારના રોજ, સંસ્થામાં લગભગ ૨૨ વર્ષથી હેડ ડ્રાઈવરની ફરજ બજાવતાં શ્રી રણજીતજસિંહ ચૌહાણ, વય મર્યાદા મુજબ સેવા સમાપ્ત થતાં નિવૃત્ત થતાં હોય, સંસ્થાના ટ્રસ્ટીગણ, કર્મચારીગણ દ્વારા, ભાવભીનો વિદાય સમારોહ યોજાયેલ હતો. આ પ્રસંગે સંસ્થાના મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી પારસભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા તથા શ્રી ધીરૂભાઈ ધંધુકિયાએ પોતાના વકતવ્યમાં, શ્રી રણજીતભાઈના ડ્રાઈવિંગમાં સલામતી, સમયમાં ચોકસાઈ, વિનયપૂર્ણ વર્તન, સુઘડ પરિધાન, વાહન અને ડ્રાઈવરોમાં કો-ઓર્ડિનેશનના ભારોભાર વખાણ કર્યા. કહેવા પૂરતાં જ ટ્રાફિકના નિયમો, ખાડાંખડીયાવાળા રોડ, ઢોરનો ત્રાસ, વાઘાવાડીનો હેવી ટ્રાફિક, આવા સંજોગોમાં પણ




શ્રી રણજીતસિંહ ટાઢા કોઠે, આનંદથી કામ કરતાં. એમનું યોગદાન સંસ્થાના લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં મહત્વનું રહયું છે. શ્રી રણજીતભાઈને સંસ્થાના મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહે પુષ્પગુચ્છ અર્પણ કરેલ. અને પ્રમુખ શ્રી શશીભાઈ વાધર દ્વારા શાલ ઓઢાડી, ભેટની રકમનો ચેક અર્પણ કરવામાં આવેલ હતો. તેઓશ્રી પરિવાર સાથે તંદુરસ્ત રહી, આનંદપૂર્ણ અધ્યાત્મિક જીવન ગાળે, તેવી શુભ કામના સંસ્થાના વડીલોએ કરેલ હતી.

# પાર્કિન્સન્સ દર્દીઓનો પ્રવાસ

શ્રી બી.કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ, જે પી.એન. આર. સોસાયટીમાં ચાલે છે. તેના પાર્કિન્સન્સ દર્દીઓનો પ્રવાસ તા. ૨ જી ઓકટોબર ૨૦૧૬ ને રવીવારના ઘેલા સોમનાથનો કરેલ. ૨૦ પાર્કિન્સન્સના દર્દીઓ તથા કો-ઓર્ડિનેટર શ્રી અમિત મિત્રા અને શ્રી ભાવિન માંડવિયાના માર્ગદર્શનથી પાર્કિન્સન્સ દર્દીઓએ-સ્ટાફે, પ્રાકૃતિક વાતાવરણમાં કસરતો કરી, ઘેલા સોમનાથ મહાદેવના દર્શન કરીને મહા પ્રસાદ લીધો હતો.

# મા. મુખ્યમંત્રીશ્રીનો આભારપત્ર



Apro/kp/2016/09/12/nr

**વિજય રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

**તા. ૧૨-૦૯-૨૦૧૬**

**સ્નેહી ભાઇશ્રી અનંતભાઇ,**

નમસ્કાર,

ગરવી ગુજરાતના મુખ્યમંત્રીનો પદભાર ગ્રહણ કરવા બદલ અભિનંદન પાઠવતા આપનાં શબ્દપુષ્પ પ્રાપ્ત થયાં છે. ધન્યવાદ.

***આ પદ નથી, જવાબદારી છે,***
***આ પ્રતિષ્ઠા નથી, પરીક્ષા છે,***
***આ સન્માન નથી, પડકાર છે.***

***- અટલ બિહારી બાજપાઈ***

પદ જેટલું મોટું, જવાબદારી પણ સામે પક્ષે એટલી જ મોટી અને ગંભીર રહેવાની. સમગ્ર રાષ્ટ્રની નજર વિકાસ તથા પ્રગતિના મુદ્દે જ્યારે ગુજરાત ભણી રહેતી હોય ત્યારે, ગુજરાતની યશગાથાને ગૌરવભેર આગળ વધારવાની મારી નેમ છે.

હરએક ગુજરાતીની આંખમાં વસતા સ્વપ્નોને હકીકતમાં બદલવા માટે મારે, તમારે અને દરેક ગુજરાતીએ અથાગ પરિશ્રમ કરવા કમર કસવાની છે. મને ખાતરી છે કે આપણા સૌના સહિયારા પ્રયાસોથી અંતે તો ગુજરાત, લોકશાહી તથા માનવ ચેતનાનો જ વિજય થવાનો છે. આપના પ્રોત્સાહક શબ્દો માટે આપનો આભાર વ્યક્ત કરું છું.


**(વિજય રૂપાણી)**

To,
**Shree Anantbhai K. Shah,** *Secretary,*
Smt. Parsanben Narandas Ramji Shah,
Society for Relief and Rehabilitation of the Disabled,
**K. L. Institute for the Deaf,**
51, vidyanagar, Bhavnagar – 364002.
Email: info@pnrsociety.org

# કેનેડા પ્રવાસના સંસ્મરણો

એચ. પી. રાખશિયા





(ગત અંકનુ બાકી ચાલુ ...)

સરકાર જે-તે સમાજના લોકોને તેનું કલ્ચર જાળવી રાખવાનો ખાસ અનુરોધ કરે છે. કેનેડાના લોકો ખૂબ કાર્ય કરે છે. દરેકે મિનિમમ આઠ કલાક કામ કરવાનું હોય છે. મિનિમમ કલાકના વેઈઝ ૧૨ ડોલર છે. કારીગરો જેવા કે, મિકેનીક, ડ્રાઈવરો, ડૉકટરો, પ્રોફેસરો, સ્પેશ્યાલિસ્ટને ખૂબજ સરસ કમાણી છે.

**૨. સ્વચ્છતા :** સૌથી વધુ ધ્યાન ખેંચે તેવી વાત ત્યાંની સ્વચ્છતા છે. રસ્તાઓ, ગલીઓ, મોલ, બજાર, રેલ્વે, કે કોઈપણ જગ્યાએ એક તણખલું-કચરો જોવા મળે નહીં. ટોરોન્ટો એ કેનેડાનું કોમર્સિયલ સેન્ટર છે. પાટનગર ઓટાવા છે. ટોરોન્ટોની વસ્તી ૫૫ લાખથી વધુ છે, ૨૦૦ થી ૨૫૦ કિ.મી. ના ઘેરાવામાં છે. સ્વચ્છતા માટે દરેક જગ્યાએ ચાર પૈડાવાળી ટ્રોલીઓ રાખી હોય છે. જે દરેક ઘરમાં તથા દુકાનો/મોલમાં હોય છે. એક પ્લાસ્ટિક તથા એલ્યુચિનિયમ વગેરે ઘન કચરાની, બીજી. કાગળ/પૂંઠાની, ત્રીજી. ભીનો કચરો/એંઠવાડ, શાકભાજી, વગેરે માટેની હોય છે. વેસ્ટ મેનેજમેન્ટની કંપનીઓ, કચરો લેવાની વ્યવસ્થા કરતી હોય છે. દરેક વિસ્તારમાં વારા પ્રમાણે, રોડની બાજુમાં નકકી કરેલ જગ્યાએ, કચરાની ટ્રોલી રાખવાની હોય છે. જે સફાઈ વાહન લઈ જાય છે. ભેગો કરેલો કચરો, પ્રોસેસ કરીને બજારમાં વેચે છે. ભીના કચરાનું ખાતર કરીને બગીચા માટે વેચે છે. પૂંઠા-એલ્યુમિનિયમના કચરાને અલગ કરીને, પ્રોસેસ કરીને વેચે છે. સ્વચ્છતા કેમ રાખવી, તે પ્રાયમરી સ્કૂલથી દરેક બાળકોને શિખવવામાં આવે છે કે, કયો કચરો, કયાં ડબ્બામાં નાખવો/રસ્તામાં અને ઘરમાં ફેંકવો નહીં, આ એક અગત્યની વાત છે. શાળાઓ વચ્ચે સ્વચ્છતાની હરિફાઈ રાખવામાં આવે છે. ઉત્તમ શાળાને ઈનામ આપીને બાળકોને પ્રોત્સાહિત કરાય છે. પ્લાસ્ટિકની થેલીઓનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે પણ રસ્તાઓ કે કચરામાં કયાંય પણ બીન ઉપયોગી, બોટલો, થેલીઓ, જોવા મળે નહીં. રીસાયકિલગમાં બધુંજ વપરાય જાય છે.

**૩. આરોગ્ય - હોસ્પિટલ :** કેનેડાના બધાં નાગરિકોને હેલ્થ કાર્ડ આપવામાં આવે છે. તમામ પ્રકારના મેડિકલ ખર્ચ, દવા અને સારવાર સરકાર તરફથી ફ્રી મળે છે. હોસ્પિટલો, ફાઈવસ્ટાર હોટલ જેવી સ્વચ્છ અને સુંદર બગીચાવાળી જોવા મળે છે. બિમાર થાય એટલે જે તે વિસ્તારના ફિઝિશ્યન પાસે જવાનું અને નિદાન કરાવીને દવા સીધી મેડિકલ સ્ટોરમાંથી મેળવી લેવાની હોય છે. રિપોર્ટ કઢાવવાનો હોય, સ્પેશિયાલિસ્ટ ને રિફર કરવાનું હોય તો તે તમને ટાઈમ, કયાં ડૉક્ટરને મળવાનું તે જણાવે દર્દીએ કોઈ પણ પ્રકારના રિપોર્ટ, પ્રિસ્ક્રિપ્શન રાખવાનું હોતું નથી. દરેક નાગરિકનો રેકોર્ડ કોમ્પ્યુટરમાં રાખવામાં આવે છે. જો હોસ્પિટલમાં દાખલ થવાનું હોય તો, તરત જ દાખલ થવાની કાર્યવાહી કરીને દાખલ કરી દે છે. બાળકો, સિનિયર સિટિઝન તથા ડિસેબલ્ડને પ્રથમ પ્રાથમિકતા દરેક જગ્યાએ આપવામાં આવે છે.

**૪. દિવ્યાંગો (ડિસેબલ્ડ) માટેની વ્યવસ્થા :** કેનેડામાં ડિસેબલ્ડ, જેમાં તમામ પ્રકારની ડિસેબિલિટી આવી જાય, તેને માટે દરેક જગ્યાએ જવા-આવવાની રેમ્પવાળી વ્યવસ્થા, જેમાં રોડ, મોલ, હોસ્પિટલ, જાહેર સ્થળો, તમામ જગ્યાએ પ્રથમ દૃષ્ટિએ દેખાય તેવા ખાસ ચિન્હ હોય છે. પાર્કિંગની અલગ વ્યવસ્થા તેમજ દરેક સ્થળે વ્હીલચેર રાખેલી હોય છે. બધાંજ પ્રકારના દિવ્યાંગોને, સરકારશ્રી તરફથી ૧૦૦૦/- ડોલર દર માસે ખાસ ભથ્થું આપવામાં આવે છે. દિવ્યાંગોને તેમની લાયકાત અને રૂચિ પ્રમાણે જોબ (નોકરી) આપવામાં પ્રાથમિકતા આપે છે.


**૫. ટ્રાફિક :** ટોરોન્ટો શહેરની વસ્તી ૫૫ લાખની છે, જયારે વસ્તી કરતાં વધારે મોટરકાર તથા અન્ય વાહન ધરાવે છે. રોડ એકદમ સ્વચ્છ. મેઈન લાઈન ૮ થી ૧૦ રસ્તાવાળી, જેમાં પાંચ લાઈન આવવાની, પાંચ લાઈન જવાની હોય છે. શહેરની અંદરના રસ્તાઓ પહોંળા અને ચોખ્ખા જોવા મળે છે. વાહનો, વસ્તી કરતાં વધુ છે, દરેક વ્યકિત દીઠ મોટરકાર છે, પરંતુ અવાજનું પોલ્યુશન બિલકુલ નથી. ટ્રાફિકસેન્સ ખૂબ જ સારી, ભૂલ કરો, તો કેમેરામાં તરત જ પકડાય જાય. દંડનું બીલ તમારા ઘરે ત્રીજા દિવસે પહોંચી જાય. ત્રણ વાર ભૂલ કરો, તો તમારું લાયસન્સ કેન્સલ-ત્રણ વર્ષ માટે થઈ જાય છે.

**(સંપુર્ણ)**



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન

### ૧) રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન - વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન :-

પી.એન.આર.સોસાયટી, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. તથા ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના કોમ્પ્રિહેન્સિવ ડિસેબિલિટી પ્રિવેન્શન એન્ડ વેલ બીઈંગ પાર્ટનરશીપ પ્રોગ્રામ અંતર્ગત, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન **'રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ'** નીચે, ઓગષ્ટ થી સપ્ટેમ્બર - ૨૦૧૬ દરમ્યાન પાલિતાણા, ગઢડા, વલભીપુર, શિહોર, તાલુકાના તથા બોટાદ જિલ્લાની સામાજિક સંસ્થાઓ જેમ કે, જાયન્સ ગ્રુપ ઓફ બોટાદ, જાયન્સ ગ્રુપ ઓફ બોટાદ સાહેલી ગ્રુપ, મંગળ ચેરિટેબલ ટ્રસ્ટ, ભાવનગર, આઈ.સી.ડી.એસ. તળાજા, તેમજ શ્રી જીતુભાઈ વાઘાણીનાં જન્મદિન નિમિત્તે **મેગા હેલ્થકેર કેમ્પ** વગેરેનો ખૂબ સહકાર મળ્યો હતો. ગામડાઓમાં **૨૪** સ્કૂલ તથા કોમ્યુનિટીમાં મળીને કુલ **૨૯૧૭** ને, રૂબેલાની અવરનેસ આપવામાં આવેલ છે. તેમાં **૧૯૧૭** ને રૂબેલા રસીકરણ કરવામાં આવેલ છે.

### ૨) ડેફનેસ-બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :-

ઓગષ્ટ થી સપ્ટેમ્બર - ૨૦૧૬ માં ડેફનેસ- બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ અંતર્ગત, ગારિયાધાર, પાલિતાણા, બોટાદ, શિહોર તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોની આંખ, કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. વિકલાંગતા અટકાવ અભિયાન અંતર્ગત, પી.એન.આર સોસાયટીના માનવસેવાના કાર્ય જેમાં ૫૫૭૯૪ બાળકોની તપાસ થઈ, તેમાંથી ૧૬૧૨ બાળકોને **"રિફ્રેક્શન એરર"** હોય તેને, વિનામૂલ્યે ચશ્માં વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત આંગણવાડીના દરેક બાળકોને વિટામીન **'એ'** ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, તેમજ કાનમાં રસી, પડદામાં કાણું, તેમજ હાડકીનો સડો વિગેરે તકલીફવાળા બાળકો માટે, **બે** ઈ.એન.ટી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૬૨ બાળકો આવ્યાં હતાં. તેમાંથી ૧૨ બાળકોને, કાનના પડદામાં કાણાંના ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં.

### ૩) પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-

ઓગષ્ટ થી સપ્ટેમ્બર - ૨૦૧૬ બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૯૭ બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ ૧૪ બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં ૮




**કપાયેલા હોઠના, ૨ તાળવામાં કાણાંના અને ૩ હાઈપોસ્પિડીયા (મૂત્રનલિકાની જન્મજાત ખામી)** તેમજ **૧** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાધવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર,પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેના ૨૯ દર્દીઓ, આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહ્યાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ, ડૉ.નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### ૫) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-

ઓગષ્ટ થી સપ્ટેમ્બર - ૨૦૧૬ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલના **"શ્રીમતી જયાલક્ષ્મી વ્રજલાલ મહેતા તથા શ્રી વ્રજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. ભાવનગર શહેરનાં ઉત્તર ભાવનગરનાં ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણીનાં જન્મદિન નિમિત્તે, **સર્વ રોગ નિદાન કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પી.એન.આર. સોસાયટી, ભાવનગરના સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા તથા ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ પંડયા ઉપસ્થિત રહીને, આ કેમ્પની ટીમને પ્રોત્સાહિત કરેલ. કેમ્પમાં અંદાજે **૫૦૦** લાભાર્થીઓ આવ્યાં હતાં. આ બે મહિનામાં **૧૦૦૦** ની ઓ.પી.ડી. કરાવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને મફત દવા, ટીપાં,વગેરે વિતરણ કરેલ હતું. **૫૦** લાભાર્થીને

વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૫૧** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૧૬** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.

### ૪) લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સેન્ટર :-

ઓગષ્ટ થી સપ્ટેમ્બર - ૨૦૧૬ દરમ્યાન Lady Egremont Peadiatric Ophthalmic Centre, PNR Hospital માં, પેડીયાટ્રિક ઓપ્થેલ્મિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. જનક શાહ તથા ડૉ. પ્રિતી શાહ (પેડીયાટ્રિક ઓપ્થેલ્મિક સર્જન) બાળકોની ત્રાંસી આંખ, ફૂલું, પાંપણ નીચી પડી જવી,આંખ સતત હલતી, કોર્નિયાને લગતી આંખની તકલીફો, તેમજ અન્ય જન્મજાત આંખની ખોડખાપણનું નિદાન કરી, સારવાર અને ઓપરેશન વિનામૂલ્યે કરી આપી, તેઓનો અમૂલ્ય સમય તથા સેવા આપી હતી. ભાવનગર જિલ્લામાંથી, તેમજ આજુબાજુના જિલ્લામાંથી બાળકોને લઈને તેમના વાલીઓ આવ્યાં હતાં.




આંખની વિવિધ તકલીફો ધરાવતાં બાળકોને તપાસી, યોગ્ય નિદાન કરી, તે અંગેની સમજૂતી આપવામાં આવી હતી. આ કેમ્પનમાં **૧૩૬** બાળકોની ઓ.પી.ડી. કરવામાં આવેલ તથા તેમાંથી **૨૨** બાળકોના ઓપરેશન,જેમાં ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, નીસ્ટેગ્મસ, Fundus & Refrection, Amniotic Membrane, Sist Removal,Sac Syring વિગેરે ઓપરેશન તદ્દન વિનામૂલ્યે, ડૉકટર જનક શાહ દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યાં હતાં.



# સંક્ષિપ્ત સમાચાર

મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

### પી.એન.આર. હોસ્પિટલમાં ઓગસ્ટ-૨૦૧૬ દરમ્યાન નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે.

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૧૧ | ૬ (૩ પોલિયો) |
| આંખ | ૨૩૯ | ૫૦ |
| છારી કાઢેલ | ૫ | - |
| ઈ.એન.ટી. (કાન,નાક,ગળા) | ૩૧૩ | ૯ |
| ઓર્થોસ્કોપી | ૧૮ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૪૪ | ૧૨ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૭ | ૩ |
| ડેન્ટલ | ૫૧ | ૫૩ |
| જનરલ ઓપીડી | ૫૯૩ | - |
| હોમિયોપેથી | ૧૧૨ | - |
| એક્ષ-રે | ૬૨ | - |
| લેબોરેટરી | ૨૩૦ (દર્દી) | ૫૫૧ (ટેસ્ટ) |






# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ

## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



### ૧. જન્મદિવસની ઉજવણી :-

તા.૨/૮ ના રોજ શ્રી સ્મિત ફિરસ્તાના જન્મદિવસની ઉજવણી, નટરાજ હોસ્ટેલના વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવી હતી. તેમાં તેમણે હોસ્ટેલના વિદ્યાર્થીઓને કેક, વેફર્સ, બિસ્કીટ, કેડબરી ચોકલેટની સાથે, ટી-શર્ટનું વિતરણ કરવામાં આવેલ. આ આયોજન મદદનિશ શિક્ષક શ્રી કાર્તિકભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવેલ.

તા.૬/૮ ના રોજ ચેન્નઈ સ્થિત શ્રીમતી કુસુમબેન ગુપ્તા તરફથી તેમના પૌત્ર ચિ. વેદાંગ ગુપ્તાના જન્મદિવસ નિમિત્તે, સી.પી. સ્કૂલના બાળકોને નાસ્તો તથા આઈસ્ક્રિમ આપવાનું આયોજન કરવામાં આવેલ. અને બાળકો તરફથી શુભેચ્છા સાથે, આકર્ષક બર્થડે કાર્ડ તૈયાર કરી આપવામાં આવેલ.

### ૨. એસેસમેન્ટ તથા વાલી માર્ગદર્શન :-



તા.૬/૮ ના રોજ શ્રી આર.બી. જોષીના માર્ગદર્શન હેઠળ, સી.પી. સ્કૂલ દ્વારા કુંભારવાડાની શાળા નં.૧ માં સી.પી. તથા સર્વ ક્ષતિગ્રસ્ત બાળકોના નિદાન અને વાલી માર્ગદર્શન માટે, એસેસમેન્ટનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૫ જેટલાં બાળકોને સી.પી. સ્કૂલના શૈક્ષણિક સ્ટાફ શ્રી વિભૂતિબેન વ્યાસ, શ્રી ખેવનાબેન ઓઝા, શ્રી કાર્તિકભાઈ વ્યાસની ટીમે તપાસ કરી, વાલી માર્ગદર્શન, વિશિષ્ટ શિક્ષણ અને સારવારનું મહત્વ સમજાવ્યું હતું.

### ૩. પ્રાર્થના સભા :-

તા.૨૦/૮ ના રોજ, શાળાના અનાથ બાળક અને હોસ્ટેલમાં રહેતાં ચંદુભાઈ મનજીભાઈ પરમારની પ્રાર્થના સભા, નટરાજ ઓડિટોરિયમ ખાતે રાખવામાં આવેલ. જેમાં શાળાના બાળકો, શિક્ષકો, વાલીઓ દ્વારા, વ્હાલસોયા ચંદુના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવેલ. જેમાં સંસ્થાના ટ્રસ્ટીગણ ઉપરાંત, બાળવિકાસગૃહના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ.



### ૩. અનુદાન :-

શ્રીમતી સંગીતાબેન સુલેખા (કલકત્તા) તરફથી, સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓ માટે શ્રવણયંત્ર કે અન્ય જરૂરી વસ્તુઓ માટે, રૂા. ૧૪૦૦૦/- નું અનુદાન આપવામાં આવેલ. જે સંસ્થા વતી ઈન્ચાર્જ આચાર્યશ્રીએ સ્વિકારેલ.

### ૪. તળાજા રિસોર્સ સેન્ટર :-

પી.એન.આર. સોસાયટી સંચાલિત તળાજા રિસોર્સ સેન્ટર ખાતે, **રક્ષાબંધન**ની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. જેમાં સી.પી. બાળકો દ્વારા એક બીજાને રાખડી બાંધી, પ્રેમભાવના પ્રગટ કરેલ. જેનું આયોજન તળાજા રિસોર્સ સેન્ટરમાં, સ્પેશ્યલ એજયુકેટર શ્રી પંકજભાઈ કટકિયા દ્વારા કરવામાં આવેલ.

### ૫. વિકાસ પ્રોજેક્ટ :-

નટરાજ સી.પી. સ્કૂલમાં ચાલતાં નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી અંતર્ગત, **'વિકાસ પ્રોજેક્ટ'** હેઠળ, પ્રિ-વોકેશનલમાં કિચન, રાખડી, કંકાવટી વગેરે બાળકો દ્વારા બનાવવામાં આવેલ. તેથા તેનું ભાવનગરના વિવિધ વિસ્તાર, જેવા કે સિલ્વર બેલ્સ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ, મહાલક્ષ્મી ગર્લ્સ સ્કૂલ, મહિલા કોલેજ તથા શિહોરની પરશુરામ ગણપૂલે મહિલા મંડળમાં પણ રાખડીનું વેચાણ કરવામાં આવેલ. આ કાર્યમાં શ્રી હર્ષાબેન પાડલિયા તથા શ્રી તૃપ્તિબેન મહેતાએ જહેમત ઉઠાવેલ.





# સંક્ષિપ્ત સમાચાર

કૌશિક પરમાર

## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ



## શ્રીમતી જયોતિબેન દલાલ
### 'વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના'ને મળ્યો અદ્ભૂત પ્રતિસાદ



સમાજમાં વિકલાંગ મહિલાઓ વિકટ સ્થિતિમાં દોહાલું જીવન વ્યતિત કરે છે. તેમને આવી પરિસ્થિતિમાંથી બહાર લાવી, તેને આર્થિક રીતે સ્વનિર્ભર કરવાની "શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના" નામની વિશિષ્ટ યોજના, 'ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન, અમેરિકા' ના સંપૂર્ણ આર્થિક સહયોગથી, પી.એન.આર સોસાયટી દ્વારા તાજેતરમાં શરૂ કરવામાં આવી છે. ૧૮ થી ૪૫ વર્ષના, ભાવનગર જિલ્લામાં વસવાટ કરતાં, વિકલાંગ બહેનો પગભર થવા માટે, પોતાની પસંદગી મુજબ તાલીમ મેળવી, પોતાની આવડત મુજબ વ્યવસાય શરુ કરી શકે  અથવા ઈચ્છિત નોકરી મેળવી શકે, તે માટે સહાયરૂપ થવાનો આ યોજનાનો મુખ્ય હેતુ છે. આ યોજનાનો પ્રચાર અને પ્રસાર થાય અને વિકલાંગ બહેનોને યોજનાની માહિતી પોતાના જ વિસ્તારમાંથી મળી રહે તેવા હેતુથી, ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ કાર્યક્રમો અને કેમ્પનું આયોજન પણ કરવામાં આવી રહયું છે. મે-૨૦૧૬થી શરું થયેલ આ યોજનામાં, ઓગસ્ટ ૨૦૧૬ સુધીમાં, નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી છે.

**(૧) મળેલ અરજીઓની વિગત :** કુલ મળેલી ૬૫ અરજીઓમાંથી ૨૪ ને તાલીમ, ૭ ને નોકરી મેળવવા મદદ, ૩૨ ને વ્યવસાય શરુ કરવા માટે સહાય અને ૨ ને અન્ય સાધન સહાય કરવામાં આવી.

**(૨) યોજનાની માહિતી આપવા માટે** ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૪ કાર્યક્રમો કરવામાં આવ્યા. જેમાં ભુંભલી, ગણધોળ, નેસવડ, નાનાસુરકા ગામનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં, ગ્રામ્ય વિસ્તારના લાભાર્થી બહેનોને કેવો વ્યવસાય કરવાથી પગભર થઈ શકાય, તે માટે વિસ્તૃત માર્ગદર્શન શ્રી નરેશભાઈ અજમેરા દ્વારા આપવામાં આવ્યું. અરજી ફોર્મનું વિતરણ, ફોર્મ ભરવાની સમજણ, તેમજ ફોર્મ સાથે જોડવાના આધારોની માહિતી શ્રી નમ્રતાબેન મકવાણા દ્વારા આપવામાં આવી હતી. મહિલાઓના વિકાસમાં અનેક અવરોધો હોય છે. એમાયે ખાસ વિકલાંગ મહિલાઓની હાલત વિશિષ્ટ રીતે દયાજનક છે. વિકલાંગ મહિલા કુટુંબ માટે જિંદગી પર્યતનો બોજ છે તેમ સમાજમાં માની લેવામાં આવ્યું છે, તેમને આવી સ્થિતિમાંથી બહાર લાવવા પી.એન.આર. સોસાયટી, આ યોજના હેઠળ વિકલાંગ બહેનોને વિવિધ સ્વરૂપે અરજીની ચકાસણી કર્યા બાદ, સહાય કરશે, જેમાં વ્યવસાય શરુ કરતાં પહેલાં તાલીમ, તાલીમ ફી / સ્કોલરશીપ તથા તાલીમના સ્થળે આવવા જવા માટેના ખર્ચમાં સહાય, સ્વરોજગાર શરુ કરવામાં મદદ, વ્યવસાયના સાધનો ખરીદવા માટે આર્થિક સહાય, જરૂરી જણાય ત્યારે લોન મેળવવામાં માર્ગદર્શન, કાચો સામાન ખરીદવા તથા પાકા માલના વેચાણ માટે માર્ગદર્શન, હિસાબો રાખવાની તાલીમ મેળવવામાં મદદ, સ્વરોજગારમાં જરૂરી મેનેજમેન્ટ માટે માર્ગદર્શન, નોકરી મેળવવામાં મદદ અને માર્ગદર્શન વિગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યોજના હેઠળ જે વિકલાંગ બહેનો સહાય મેળવવા ઈચ્છતા હોય, તેમણે નિયત કરેલ ફોર્મમાં અરજી કરી શકશે. અરજીપત્રકો સવારે ૧૦:૩૦ થી બપોરે ૧:૩૦ સુધીમાં નીચેના સરનામા પરથી રૂબરૂ મેળવી શકાશે. **(૧) પી.એન.આર. સોસાયટી**, ૫૧, વિદ્યાનગર, ભાવનગર. ફોન નં.૦૨૭૮-૨૪૨૯૩૨૬ તેમજ પી.એન.આર.સોસાયટીના વિકલાંગ પુનઃવસન કેન્દ્રો ઉપરથી પણ મળી શકશે. **(૧) શિહોર :** માધવહીલની સામે, રાજકોટ રોડ, **(૨) પાલીતાણા :** યશોવિજયનગર, ચર્ચ પાછળ, રેલ્વે ફાટક પાસે, **(૩) તળાજા :** એન.આર.શાહ મેમોરીયલ, વાવ ચોક, **(૪) મહુવા :** વીણાસારંગી કોમ્પ્લેકસ, ગાંધીબાગ પાસે.

**વધુ માહિતી મેળવવા માટે શ્રી નરેશભાઇ અજમેરા (મોબાઇલ નં.૯૪૨૮૦૭૮૩૬૮) ને પુછપરછ કરી શકાશે.**



# સંક્ષિપ્ત સમાચાર

વૈશાલી યોગી
અને નેહલ ત્રિવેદી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### ૧. એમ્પ્લોયમેન્ટ સેન્ટર :-

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સમાજમાં વિવિધ ક્ષેત્રમાં નોકરીની તકો મળી રહે તે માટે, સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રી બિન્દીબેન ત્રિવેદીના પ્રયત્નથી, સંસ્થામાં **એમ્પ્લોયમેન્ટ સેન્ટર** શરુ કરાયેલ છે. જે અંતર્ગત સૌ પ્રથમ વાપીમાં, વેલસ્પન ઈન્ડસ્ટ્રીઝમાં ૨૦ જેટલા યુવક-યુવતીઓને રોજગાર અપાવેલ છે. આ સેન્ટરે, રોજગારી મેળવવા ઈચ્છતા શ્રવણમંદ યુવક-યુવતીઓને, પોતાનો **બાયોડેટા** સંસ્થાને મોકલવા અનુરોધ કરેલ છે. ઉપરાંત નાના મોટા ઓદ્યોગિક એકમોને પણ અનુરોધ કરેલ છે કે તે આ બાળકોને રોજગારી આપવા સંસ્થાનો સંપર્ક કરે.

### ૨. એક પ્રેરણાદાયી પગલું.. :-



ભાવનગરનાં શ્રી મેહુલભાઈ કનાડા પોતાના પુત્ર સમર્થનો જન્મદિવસ, છેલ્લા બે વર્ષથી શ્રવણમંદ બાળકો સાથે ઉજવે છે. સામાન્ય રીતે સમાજમાં લોકો જન્મદિવસની ઉજવણી પોતાના કુટુંબ સાથે, ભવ્ય રીતે કરતા હોય છે. પણ કેટલાક લોકો **નોખી માટી**ના હોય છે, જેને બીજાને આનંદ આપવામાં વધારે ખુશી મળે છે. આવા જ શ્રી મેહુલભાઈને, આ શ્રવણમંદ બાળકો પ્રત્યે કંઈક વિશેષ સંવેદના છે. સંસ્થાના શિક્ષક શ્રી વિરેન્દ્રભાઈ દ્વારા, આ બાળકોને પ્રથમવાર મળ્યાં પછી, શ્રી મેહુલભાઈ માટે આ બાળકો, પોતાના કુટુંબના સભ્યોજ બની ગયા છે. વારંવાર તેઓ આ બાળકોની મદદે દોડી આવે છે. સમર્થના જન્મદિવસે બાળકોને ભરપેટ કેક ખવડાવી નાસ્તો કરાવ્યો. ખૂબ મજા કરાવી સમાજમાં એક અલગ ચિલો ચીતરનાર શ્રી મેહુલભાઈને ખૂબ ખૂબ અભિનંદન.

### ૩. NCED - ગુજરાત ચેપ્ટર :-

તારીખ ૨૨/૭ ના રોજ બરોડા ખાતે, **નેશનલ કન્વેશન ઓફ એજ્યુકેટર્સ ઓફ ધ ડેફ NCED ગુજરાત ચેપ્ટર** ની મીટિંગ યોજાઈ, જેમાં શ્રવણમંદોના શિક્ષકોની Skill develop કરવા અંગે; પેપર પ્રેઝન્ટેશન બાબતે, અને તેના સ્થળ બાબતે, ઘનિષ્ઠ ચર્ચા થઈ. આગામી માર્ચ-૨૦૧૭ પહેલાં, એક **NCED** ગુજરાત ચેપ્ટર દ્વારા, ડેફ એજ્યુકેશન અંગેની **ઈન્ટરનેશનલ કન્વેન્શન** યોજવા અંગેની વિચારણા પણ થઈ. સંસ્થાના શિક્ષક તથા **NCED** ગુજરાત ચેપ્ટરનાં જોઈન્ટ સેક્રેટરી શ્રી કવિતાબેને તેમાં હાજરી આપેલ.

### ૪. શામજીકાકાની પૂણ્યતિથિ :-

૩૧ જુલાઈ શામજીકાકાની પૂણ્યતિથિ નિમિત્તે, તેઓને ભજન, ધૂન દ્વારા સ્મરણાંજલિ અપાઈ.

### ૫. CRE પ્રોગ્રામ:-

ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, શ્રી ખી.લ.બહેરાઓની સંસ્થા દ્વારા, CRE પ્રોગ્રામનું આયોજન તારીખ ૧/૬ થી તા. ૩/૬ માં કરવામાં આવ્યું. જેમા શ્રવણમંદ, પ્રજ્ઞાચક્ષુ, મંદબુધ્ધિ અને સેરીબ્રલ પાલ્સીવાળા બાળકોનાં વિશિષ્ટ શિક્ષકોએ ભાગ લીધેલ. આ CRE પ્રોગ્રામનો વિષય Parents as equal Partners in the intervention Process હતો. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ડો.શ્રી જયંતભાઈ વ્યાસે (અધ્યક્ષ, શિક્ષણ શાસ્ત્ર ભવન) કરેલ. સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગીરથસિંહ ચુડાસમા તથા સંસ્થાના સર્વ ટ્રસ્ટીગણ અત્રે ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના કો.ઓર્ડીનેટર શ્રી સંતોષભાઈ યાદવે કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નીતિનભાઈ નિમાવતે કરેલ. સમાપન કાર્યક્રમમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી જે.પી. મજમુદાર, તેમજ સંસ્થાના અગ્રણીઓએ હાજરી આપેલ.

### ૬. કોમ્યુનિકેશન કમાન્ડસ કન્ડકટ :-

તા.૧૯/૮ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરીયમમાં, શ્રી ધીરેનભાઈ વૈષ્ણવનું **કોમ્યુનિકેશન કમાન્ડસ કન્ડકટ** વિષય પર વકતવ્ય યોજાયું. તેઓએ કોમ્યુનિકેશનની રીત, યોગ્યતા વગેરે બાબતોને PPT દ્વારા રજુ કરેલ. શિક્ષકો સાથે કોમ્યુનિકેશનને લગતા મુદાઓની ચર્ચા કરીને, વિષયને રસપ્રદ બનાવેલ. શાળાની પરંપરા મુજબ વિદ્યાર્થીઓએ

બનાવેલી સ્મૃતિભેટથી, માધ્યમિક શાળાના આચાર્ય શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદીએ, શ્રી ધીરેનભાઈનું સ્વાગત કરેલ. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ શ્રી વિશ્વાબહેન ભટ્ટે કરેલ.

## ૭. શ્રેષ્ઠ કામગીરી માટે એવોર્ડ :-



સંસ્થાનાં વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીને, લાયન્સ કલબઝ ઈન્ટરનેશનલ દ્વારા, તેમની સેવાકિય સામાજિક પ્રવૃત્તિઓ માટે તથા શ્રવણમંદ બાળકો માટે તેમનાં યોગદાન બદલ, તા.૨૪.૦૭.૧૬ના રોજ, યશવંતરાય નાટ્યગૃહમાં એવોર્ડ આપવામાં આવેલ. સંસ્થા પરિવાર તરફથી તેઓને અભિનંદન પાઠવવામાં આવે છે.

## ૮. રાખડી પ્રોજેક્ટ :-



સંસ્થામાં ચાલતાં આર્ટ ક્રાફટ વિભાગમાં, બાળકોને વિવિધ હસ્તકલાની વસ્તુઓ શીખવવામાં આવે છે આ વિભાગમાં બાળકમાં પડેલી સર્જનાત્મક શકિતઓનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. **રક્ષાબંધનના તહેવાર** નિમિત્તે, આ વિભાગના શિક્ષક શ્રી મીનાબહેને બાળકોને અવનવી રાખડીઓ બનાવતા શીખવી. બાળકોએ પોતાની કલાસૂઝ પ્રમાણે રાખડીઓ બનાવી અને વેચાણ કર્યુ.

## ૯. રક્ષાબંધનની ઉજવણી :-

છાત્રાલયમાં રહેતા બાળકો વિવિધ તહેવારોને માણી શકે તે હેતુથી, આ વર્ષે રક્ષાબંધનનો તહેવાર બ્રહ્માકુમારીનાં બહેનો સાથે ઉજવવાનું આયોજન થયેલ. બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયના બહેને, આ બાળકોને દુર્ગુણોને દૂર રાખવા માટે, તેમજ ભાઈ-બહેનનાં આ પવિત્ર તહેવાર વિશે સમજાવેલ. આ પ્રસંગે સંસ્થાના માનદ્મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા તથા છાત્રાલયના ચેરમેનશ્રી મીતાબેન ઓઝાએ હાજરી આપી, અને સૌએ ઉમંગભેર ઉજવણી કરી હતી.

## ૧૦. વર્કશોપ :-

તારીખ ૨૬-૨૭ ઓગસ્ટ સંસ્થામાં, શિક્ષકોનાં **જ્ઞાનની આપ-લે** થાય, તેમજ આ ક્ષેત્રનાં **નવા ટ્રેડ** વિષે માહિતી મળે, તે હેતુથી વર્કશોપ યોજાયો. જેમાં સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈએ **શિક્ષક કેવો હોવો જોઈએ ?** તે વિષય પર છણાવટ કરી હતી. સહમંત્રી શ્રી મૃદુલાબહેન દેસાઈએ **કોકલિયર ઈમ્પલાન્ટ** વિશે માહિતી આપેલ. માધ્યમિક શાળાના આચાર્યાશ્રી પ્રજ્ઞાબહેને **ગુજરાતી વ્યાકરણ** શીખવેલ. પ્રાથમિક શાળાના સિનિયર શિક્ષકશ્રી કૈરવીબહેને, **ભાષા વ્યાકરણનાં સિધ્ધાંતો** શ્રવણમંદ બાળકોમાં વિકસાવવા માટેની પ્રવિધી સમજાવેલ. પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ઈલાબહેને, **જનરલ ઇંગ્લીશ** વિષે માહિતી આપેલ અને શિક્ષક શ્રી હર્ષાબહેન આશરા અને શ્રી અશોકભાઈ ખાટસુરિયાએ, **ગણિત શીખવવાની સરળ રીતો** વિશે વાતચીત કરેલ.

## ૧૧. પીસ ઓફ પેરન્ટિંગ :-

**પીસ ઓફ પેરન્ટિંગ** કાર્યક્રમ અંતર્ગત, શહેરનાં ભાષાવિદ્ શ્રી રક્ષાબહેન દવે દ્વારા, શાળામાં શિક્ષકોને અભિનય, બાળગીત વિશે માર્ગદર્શન અને લાઈવ ડેમો આપવામાં આવ્યો. શ્રી રક્ષાબહેનની સાથે શાળાના નાના-નાના ભૂલકાઓને અભિનય કરવાની ખૂબ મજા પડી અને શિક્ષકોને પણ એક સુંદર નિદર્શન મળી રહયું.

## ૧૨. ગણેશ મહોત્સવ :-

**ગણેશ મહોત્સવ** નિમિત્તે **સેતુબંધ ગણેશ મિત્ર મંડળ** ધ્વારા તા.૮/૯ ના રોજ, દિવ્યાંગ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો જેમાં અંકુર, શ્રવણમંદ અને સી.પી. શાળાના બાળકોએ ભાગ લીધેલ. શાળાના બાળકોએ ગણેશકૃતિ, બેટી બચાવો નૃત્ય તથા કૃષ્ણલીલા રજૂ કરેલ. કૃષ્ણલીલા કૃતિને પ્રેક્ષકોનો ખૂબ પ્રતિસાદ મળ્યો અને આ કૃતિને ફરીવાર રજૂ કરાઈ. આયોજકોએ બાળકોના પ્રોત્સાહન માટે આકર્ષક ભેટ આપેલ. બાળકોએ ગણપતિનાં દર્શન કર્યા, પ્રસાદી લીધી અને કૃતિ રજૂ કરી, ખૂબ મજા કરી. સંસ્થાના શિક્ષક શ્રી કીર્તિદેવસિંહ, શ્રી શ્રીમબહેન તથા શ્રી બીનાબહેને આ કૃતિઓ તૈયાર કરાવેલ.

## ૧૩. મુલાકાત :-

સંસ્થાનાં કર્મચારીઓએ, તા.૩૧/૮ ના રોજ, ભાવનગરની શ્રી સહજાનંદ ઈન્સ્ટીટયુટ ઓફ ફિઝિયોથેરાપીની મુલાકાત લીધી. આ ફિઝિયોથેરાપી ડિપાર્ટમેન્ટનાં આચાર્ય શ્રી નવજયોતભાઈ ત્રિવેદીએ હુંફાળો આવકાર આપ્યો અને તેમના અલગ-અલગ વિભાગોનું સુંદર નિદર્શન આપ્યું. આ ઈન્સ્ટિટયુટમાં કોલેજનાં વર્ગો, તેની લેબોરેટરી, લાઈબ્રેરી, કમ્પ્યૂટર લેબ, તેમજ સંસ્થામાં ચાલતું રીહેબિલિટેશન સેન્ટર, કે જેમાં સારવારનાં આધુનિક સાધનો છે જેમાં કેટલાક ઈલેક્ટ્રોથેરાપીના અને કસરતનાં સાધનો દ્વારા રાહતદરે સારવાર અપાય છે. કોલેજમાં પ્રિન્સીપાલ શ્રી ડો.નવજયોત ત્રિવેદી અને તેની ટીમે, શરીરને તંદુરસ્ત રાખવા માટે કેટલીક હળવી કસરતોનું નિદર્શન આપેલ, તેમજ વ્યસ્ત જીવનમાં પણ અમુક રોગોથી બચી શકાય, તે અંગે સુંદર માર્ગદર્શન આપેલ. એકંદરે આ મુલાકાત ખૂબજ ઉપયોગી અને માહિતીપ્રદ રહી.


## ૧૪. સંસ્થાના શિક્ષકોનું સન્માન




સામાજિક પ્રવૃત્તિઓ અને સારું કાર્ય કરતી સંસ્થા કે વ્યકિતને પ્રોત્સાહિત કરવા માટે, તેને સન્માનિત કરવાનું સુંદર કાર્ય ઈનરવ્હીલ કલબ ભાવનગર કરે છે. આપણી શાળાનાં શિક્ષક શ્રી ભરતભાઈ, શ્રી મીનાબહેન અને શ્રી શ્રીમબહેનનો **સન્માન કાર્યક્રમ** ઈનરવ્હીલ દ્વારા, શાળામાં યોજાયો. શાળાની બાળાઓની ગણપતિવંદના પછી, ઈનરવ્હીલ કલબના પ્રેસિડેન્ટ શ્રી ભારતીબહેન પરીખના હસ્તે, ઉપરોકત ત્રણે શિક્ષકોને એવોર્ડ આપવામાં આવ્યાં. **સાક્ષરતા દિવસ**ને અનુસંધાને થયેલ આ કાર્યક્રમમાં, સંસ્થાના માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ, ખજાનચી શ્રી જીતુભાઈએ હાજરી આપેલ.

## ૧૫. શિક્ષક દિન :-

તા. ૬/૯ ના રોજ, શાળામાં **શિક્ષક દિનની** ઉજવણી કરવામાં આવી. ધો. ૮ અને ધો. ૧૨ બધાંજ વિદ્યાર્થીઓએ, જુદા-જુદા ધોરણોના વર્ગોમાં શિક્ષક બની, સુંદર અધ્યયન



કરાવ્યું હતું. શાળાની શરૂઆત પ્રાર્થનાથી કરી, શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ અભિનય અને સાઈન લેગ્વેંજ શિખવી, સુંદર રજુઆત કરેલ. આખો દિવસ **શિક્ષક** તરીકે કામગીરી બજાવેલા બાળકો તથા અન્ય સ્ટાફ મેમ્બરની બદલે કાર્ય કરેલ. શિક્ષક તથા પ્રિન્સીપાલ બનેલા બાળકોને અભિવાદન કરવાનો કાર્યક્રમ થયો. જેમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન વિશેની નાની ડોકયુમેન્ટરી ફિલ્મ બતાવાય. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ પ્રેરણાદાયી વકતવ્ય આપેલ.

## ૧૬. ગુરુપૂર્ણિમાનો પ્રોજેક્ટ :-

શિષ્યના જીવનમાં **ગુરુનું મહત્વ** સમજાવવાના હેતુથી, તેમજ બાળકોનાં ભાષા વિકાસના હેતુથી, શાળામાં **ગુરુપૂર્ણિમાનો પ્રોજેકટ** કરાયો. પ્રાર્થના પછી સૌ પ્રથમ **એકલવ્ય** પરની નાની ફિલ્મ બતાવાય. શિષ્યના જીવનમાં ગુરુના મહત્વને ઉજાગર કરતી પૌરાણિક કથા, એકલવ્ય પરની ફિલ્મ જોવાની બાળકોને મજા પડી. ત્યારબાદ આ ફિલ્મમાં રહેલી વાર્તાની સમજ બાળકોને લેખન અને સાઈન દ્વારા આપવામાં આવી. શાળાના શિક્ષકોએ, શ્રવણમંદોના શિક્ષણના પ્રણેતા, શાળાના ભૂતપૂર્વ પ્રિન્સીપાલ અને પોતાના ગુરુ એવા શ્રી કુસુમબહેનને યાદ કરી, વંદન કર્યા. ત્યાર પછી બાળકોએ ગુરુપૂજન કરી, **ગુરુપૂર્ણિમાનો** તહેવાર ઉજવ્યો. આ પ્રોજેકટનાં અનુસંધાને, ભાષાવિકાસ માટેની વિવિધ પ્રવિધિઓ, શિક્ષકો દ્વારા વર્ગમાં કરવામાં આવી, જેથી બાળકોનું શબ્દભંડોળ વધે, સંકલ્પના ઘડાય, તેઓની ભાષા-અભિવ્યકિતમાં વધારો થાય, બાળકોને મળેલાં આ નકકર અનુભવને આધારે, બાળકોનો સારી રીતે ભાષાવિકાસ કરવો તે આ પ્રોજેકટનો મુખ્ય ધ્યેય રહયો હતો. આ પ્રોજેકટના આયોજનમાં શ્રી કવિતાબહેન, શ્રી યુવરાજભાઈ, શ્રી શ્રીમબહેન, શ્રી જયોતિબહેન અને શ્રી દર્શનાબહેને સુંદર કામગીરી બજાવેલ.

## ૧૭. શાળામાં માર્ગદર્શન વર્ગ :-

આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં, વિવિધ શોધોનો લાભ લઈ વાલીઓ, પોતાના શ્રવણમંદ બાળકોને

સાંભળતાં અને બોલતાં, તેમજ પોતાના બાળકોનું સારી રીતે સમાજમાં પુનઃસ્થાપન કરવા માટે, **કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી** પોતાના બાળકને કરાવવા માટે તૈયાર થયા છે. સરકારના પ્રોજેક્ટ અંતર્ગત, ગુજરાતમાં ઘણાં બધા બાળકોની આ સર્જરી શકય બની છે. ઈમ્પ્લાન્ટ કરાવ્યાં પછીની, મહત્વની તાલીમનો અભાવ, તાલીમનું સ્થળ દૂર પડવું, નબળી આર્થિક પરિસ્થિતિ, નોર્મલ શાળામાં શિક્ષણમાં મુશ્કેલી, ભાષાવિકાસની મુશ્કેલી - વગેરે વાલીઓના પ્રશ્નોને ધ્યાનમાં લઈ, સંસ્થામાં આ બાળકો માટે એક માર્ગદર્શનનો વર્ગ શરું કરાયો. બાળકોના લેવલ પ્રમાણે ૩-૩ બાળકોની બે બેચ શરુ કરાયેલ છે, જેમાં બાળકોને ભાષા અને વાણી વિકાસની તાલીમ અપાય છે. બાળકોને જયાં-જયાં મુશ્કેલી પડતી હોય તો, તે અંગે માર્ગદર્શન અપાય છે. સાથે-સાથે આ બાળકોના વાલીઓને પણ માર્ગદર્શન આપવામાં આવે છે.


## ૧૮. ટીચર્સ એક્સચેન્જ પ્રોગ્રામઃ-

ગુજરાતમાં શ્રવણમંદ બાળકોની ઘણીબધી શાળાઓ કાર્યરત છે અને આ દરેક શાળાઓ પોતાની આગવી સૂઝથી આ બાળકોનાં વિકાસ માટે કાર્ય કરી રહી છે. દરેક શાળાઓમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ, શિક્ષણની વિવિધ ટેકનિકો, ટેકનોલોજીનો ઉપયોગ, શાળા સંચાલન વગેરે બાબતોનું, જો શાળાઓ-શાળાઓ વચ્ચે આદાન-પ્રદાન થાય તો, આ બાળકોનાં ક્ષેત્રમાં વધારે સારી રીતે કાર્ય કરી શકાય, તે હેતુથી ગુજરાતની શાળામાં **ટીચર્સ એક્સચેન્જ પ્રોગ્રામ** શરું કરાયો છે. આ પ્રોગ્રામના ભાગરુપે શ્રી એસ.જી. બ્રહ્મભટ્ટ બધિર વિદ્યાવિહાર, નડિયાદ, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી પ્રજ્ઞાબહેન ગોર અને સિનિયર શિક્ષક શ્રી મનીષાબહેન, આપણી શાળામાં તારીખ ૪, ૫ ઓગષ્ટે મુલાકાતે આવેલ. શાળાની વર્ગ વ્યવસ્થા અને શૈક્ષણિક પધ્ધતિ નિહાળી તેઓ પ્રભાવિત થયેલ. બીજે દિવસે પ્રાર્થનામાં બાળકોની સાંસ્કૃતિક કૃતિઓ જોઈને તેઓ અભિભૂત બન્યાં. તેઓએ શાળાના દરેક વિભાગો, ઉપરાંત નટરાજ કોલેજની પણ મુલાકાત પણ લીધી હતી. આવેલ મહેમાન શ્રી પ્રજ્ઞાબેન ગોરે, તેઓની શાળામાં ચાલતાં **એડલ્ટ વિદ્યાર્થી** માટેના રોજગારલક્ષી તાલીમી કોર્સ વિશે માહિતી આપેલ. જે અંતર્ગત **પંખ સંસ્થા**, દિવ્યાંગ વિદ્યાર્થીઓને ૪૫ દિવસની રોજગારલક્ષી તાલીમ, આપે છે. જેમાં પર્સનાલિટિ ડેવલપમેન્ટ, જનરલ ઈંગ્લિશ, ગૂડ મેનર્સ, સાઈન લેંગ્વેઝ વગેરેની તાલીમ અપાય છે. વિદ્યાર્થીને દિવસ દીઠ ૧૨૦/- નું સ્ટાઈપેન્ડ મળે છે. આ તાલીમ મેળવ્યાં બાદ વિદ્યાર્થીઓ મોલમાં, હોટલ, ફેક્ટરી, મેગાસ્ટોર, પેટ્રોલપંપ, રિલાયન્સ ફ્રેશ, વગેરેમાં જોબ મેળવીને, સમાજમાં જીવન વિતાવી શકે છે. ટીચર્સ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત, આપણી શાળાનાં બે શિક્ષકો શ્રી ચંદ્રિકાબહેન અને શ્રી ક્રિષ્નાબહેન તા. ૮, ૯ ઓગસ્ટ, બે દિવસ નડિયાદની ઉપરોકત શાળાની મુલાકાતે ગયેલ. નડિયાદની શાળામાં સવારે ૭-૩૦ થી ૧૨-૦૦ શૈક્ષણિક કાર્ય થાય છે. અને બપોરે ૨ થી ૬ કોમ્પ્યૂટર, સીવણ, પ્રેસ, મોટર વેલ્ડિંગ, મોટર રીવાઈન્ડિગ જેવાં, સરકાર માન્ય કોર્સની તાલીમ અપાય છે. નડિયાદની શાળામાં ટેબલેટ વર્ગો અને સ્માર્ટ કલાસ પણ છે. ઉપરાંત સંસ્થાની દીકરીઓ માટે, મહિનામાં એક દિવસ ગાયનેકોલોજીસ્ટની વિઝિટ હોય છે.

કેસ સ્ટડી

# એક માતાની સંઘર્ષ કથા ...

**બાળક :** આયુષી સવાણી
**લેખક (માતા) :** દક્ષાબહેન સવાણી
**સંકલન :** દક્ષાબહેન સવજીયાણી



''૨૨ ઓગષ્ટ અને રાંધણછઠનો દિવસ, લોકો સાતમનું રાંધવામાં વ્યસ્ત, પરંતુ એક દિવસ અમારા કુટુંબમાં ખુશીનો માહોલ, આયૂષીનો જન્મ. કાકા, દાદાના ભાઈ-બહેનો સાથે મોટી થતી આયુષીને જોઈ દાદીને શંકા જન્મી, જુદા-જુદા અવાજો કર્યા, પણ કોઈ પ્રતિભાવ નહિ. આયૂષીને તુરંત ઈ.એન.ટી.પાસે લઈ ગયાં. ડોકટરી તપાસ પછી, શંકા સાચી પડી. આયૂષી, સાંભળી શકતી નથી. પરિવારના દરેક સભ્યોનાં મનમા એક જ વિચાર કે હવે શું કરવું ? **ડોકટરની સલાહ એ જ યોગ્ય** એમ સમજી, અમારા સબંધી ભાવનગરના એક વકીલ મારફતે, ભાવનગરની શ્રી ખી.લ.બહેરાં મૂંગા શાળામાં પહોંચ્યા. શાળામાંથી **મધર્સ ટ્રેનિંગ** કરવા માટેનું માર્ગદર્શન મળ્યું. અમને **હાશ થઈ** કે હવે આયૂષીના વિકાસનો રસ્તો મળી ગયો. મેં **મધર્સ કોર્સ** કર્યો. આયૂષી શાળામાં ભણવા લાગી. આયૂષીનો ભાષા વિકાસ થવા લાગ્યો. થોડા વખત પછી **કોકલિયર ઈમ્પ્લાન્ટ** વિશે માહિતી મળી, એટલે અમે સુરેન્દ્રનગર મેડિકલ કોલેજમાં જઈ, ત્યાં તેનું કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાવ્યું. ઈમ્પ્લાન્ટ કરાવ્યા પછી પણ, તેના વાણી વિકાસ અને ભાષાવિકાસ માટે મૂંઝવણ હતી. ત્યારે સંસ્થામાંથી માર્ગદર્શન મળ્યું કે **સંસ્થામાં ઈમ્પ્લાન્ટવાળા બાળકો માટે અલગ વર્ગ શરુ થાય છે.** આયૂષીને તે વર્ગમાં મૂકી. આયૂષી અત્યારે સમધારણ શાળામાં ધોરણ-૨ માં ભણે છે, બોલીને વાત કરે છે. આખા વાકયો સરસ બોલે છે. તેની ભાષા, વાણી વિકાસ જોઈ, અમને હાશ થઈ છે. હવે મને આશા છે કે તે સંપૂર્ણ નોર્મલ બની જશે.''



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## ‘અંકુર’ મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### ૧. ‘અંકુર’ શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી :-



‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા ખાતે, **સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી** કરવામાં આવેલ. જેમાં શાળાના કારોબારી સભ્ય શ્રી અનિરૂધ્ધસિંહ ગોહિલ (રંગોલીવાળા) ના હસ્તે ધ્વજવંદન યોજાયેલ. આ કાર્યક્રમમાં શાળાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, ટ્રેઝરર વિનોદભાઈ હકાણી, કર્મચારીગણ તથા બાળકો હાજર રહેલ. ધ્વજવંદનવિધિ શાળાના શિક્ષકશ્રી હરદીપભાઈ કામળિયાએ કરાવેલ. ત્યારબાદ બાળકો દ્વારા રમત-ગમત, તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ તથા આભારવિધિ પારૂલબેન પાઠકે કરેલ. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીના માર્ગદર્શન નીચે ખૂબ જ સરસ રીતે સંપન્ન થયેલ.

### ૨. ‘અંકુર’ શાળામાં જન્માષ્ટમીની ઉજવણી :-




‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા ખાતે, તા.૧૯/૦૮/૨૦૧૬ને શુક્રવારના રોજ ભારે હર્ષોલ્લાસથી **કૃષ્ણ જન્મોત્સવ**ની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાની તાલીમાર્થી શ્રી ધારા ત્રિવેદી દ્વારા શ્લોક ગાન કરવામાં આવેલ. શાળાના કારોબારી સભ્ય શ્રી દેવલભાઈ શેઠ દ્વારા મહેમાનોનું શાબ્દિક, તેમજ સ્મૃતિભેટ દ્વારા, અભિવાદન કરવામાં આવેલ. શાળાના બાળકો, સ્ટાફ દ્વારા **‘મટકી ફોડ’** કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. કૃષ્ણ ભકિતના ગીતો પર બાળકોને રાસ રમાડવામાં આવેલ. આ પ્રસંગે શેઠ બ્રધર્સવાળા શ્રી દેવેનભાઈ શેઠ, શ્રી મહેશભાઈ ભટ્ટ (પ્રમુખ સૌરાષ્ટ્ર ચેમ્બર્સ ઓફ કોમર્સ, ભાવનગર), શાળાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, પૂર્વ માનદ્ મંત્રી શ્રી અનંતરાય એ. શાહ વગેરે ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ, તેમજ આભારવિધિ શ્રી મેઘજીખાન કે. સાયબાણીએ કરેલ.

### ૩. મુખ્યમંત્રીશ્રી સાથે રક્ષાબંધનની ઉજવણી :-



‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા દ્વારા, તાજેતરમાં ગાંધીનગર ખાતે, નવનિયુકત મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે, રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવેલ. ભાવનગર પૂર્વના ધારાસભ્ય, તેમજ ગુજરાતના પ્રથમ મહિલા સંસદિય સચિવ શ્રી વિભાવરીબેન દવે, તેમજ સંસ્થાના કારોબારી સભ્ય શ્રી દેવલભાઈ શેઠના પ્રયત્નોથી, શાળાની ૧૫ દિવ્યાંગ બાળકીઓએ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને રાખડી બાંધેલ. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણી, શિક્ષકશ્રી શમીમબેન મકવાણા, તેમજ કેરટેકર શ્રી રેખાબેન ચુડાસમા જોડાયેલ હતાં.

## પ્રાર્થનાસભા



પી. એન. આર. સોસાયટી સંલગ્નિત, શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાના મહાવીર ઓડિટોરિયમ ખાતે, તા.૧૬/૮/૧૬ ના રોજ નટરાજ સેરિબ્રલ પાલ્સી સ્કૂલના વેલ્ફેર ઓફિસર, **સ્વ. શ્રી રાજેન્દ્રપ્રસાદ ભાયશંકરભાઈ જોષી** (પૂર્વ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી) ને ભાવાંજલિ અર્પવા, તમામ સંસ્થાઓના સર્વશ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), અનંતભાઈ રાવળ, અનંતભાઈ એ. શાહ, ગિરીશભાઈ શાહ, અશ્વિનભાઈ પંડયા, અમિતભાઈ શાહ, લાભુભાઈ સોનાણી, મનસુખભાઈ સોરઠિયા, નિકુંજભાઈ, મૌલિકભાઈ તથા કાર્યકર્તાઓ, કર્મચારીગણ અને દિવંગતના પરિવારની ઉપસ્થિતિમાં, એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રજ્ઞાચક્ષુ કલાકાર શ્રી ઋષિભાઈ પંડયા અને શ્રી રમેશભાઈ તથા સાથીઓ (અંધશાળા), તથા શ્રી જીજ્ઞાબેન શાહ અને શિવાંગીબેન (સી.પી.સ્કૂલ), શ્રી ભાવનાબેન અંધારિયા (અંકુર), શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા (કે.એલ.) વિગેરે દ્વારા પ્રભુભજન બાદ, શ્રી ખી.લ.બહેરાં મૂંગા શાળાના પ્રજ્ઞાબેન ભટ્ટે, સ્વ. રાજેન્દ્રપ્રસાદભાઈના વર્ષો જૂના સંસ્થા સાથેના સંબંધો, સહકારની રસપ્રદ વાતો સાથે, જીવન ઝરમર રજૂ કરેલ હતી. સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે શોક સંવેદનાનું વાંચન કરેલ હતું. પ્રભુભજન તથા મૌન દ્વારા, પ્રાર્થનામય વાતાવરણમાં, દિવંગતને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. **ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**

## શ્રધ્ધાંજલિ

### સેવાભાવી સ્વ. ચંદાબેનની વિદાય



"શ્રોફ પરિવાર" એ સમાજ સેવાનો પર્યાય છે. સ્વ. શ્રી ચાંપરાજભાઈ શ્રોફની સંસ્કાર ભાગિરથીમાંથી નીકળેલ દેશપ્રેમ-સમાજ સેવા દ્વારા વ્યકત થયો છે. એકસેલ ઈન્ડસ્ટ્રિઝ પ્રા.લિ. ભાવનગર અનેક સ્થાનિક સેવા સંસ્થાનું પ્રેરણાસ્ત્રોત રહયું છે. એમાંની આપણી પી.એન.આર. સોસાયટી પણ છે. દિર્ઘદૃષ્ટા મુરબ્બી શ્રી કાંતિસેન શ્રોફ દ્વારા, સુકા ભઠ્ઠ, ભૂકંપથી ખેદાન-મેદાન થયેલ, કચ્છના નવસર્જન માટે 'સૃજન' નામની સંસ્થાનો પ્રારંભ કરેલ અને અનેક સેવા કાર્યોમાંના મહત્વના, "સ્ત્રી સશકિતકરણ" ના કાર્યને માતૃતુલ્ય સ્વ. શ્રી ચંદાબેને હાથમાં લીધું. આર્થિક-સામાજિક રીતે કચડાયેલી, કચ્છની બાવળિયા આચ્છાદિત "બન્ની" વિસ્તારની અશિક્ષિત મહિલાઓના, અંધકાર પૂર્ણ જીવનમાં આર્થિક ક્રાન્તિ લાવી, બેનમૂન ભરતગૂંથણના કામમાં જોડી, સ્વનિર્ભર બનાવી, જેમનું અત્યાર સુધીનું જીવન, સામાજિક બંધનને લઈને ઓઝલમાં જ વિતાવેલ હતું. આમ "બન્ની" વિસ્તારની વિલુપ્ત થતી ભરતગૂંથણની હસ્તકલાકારીગરીને જીવંત રાખી, વિદેશો સુધી પહોંચાડી સ્વ. શ્રી ચંદાબેન આ મહિલાઓની અંધારી જિંદગીને, ચાંદનીથી ઝળહળ કરી નાખી હતી. આ દિવ્ય વ્યકિતને પ્રભુ પરમશાંતિ આપે, તેવી પ્રાર્થના. **ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**

## વૃક્ષ-વંદના



પી.એન.આર. સોસાયટી ભાવનગર સંચાલિત, નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કોલેજના પરિસરમાં, તા.૧૪/૮/૨૦૧૬ રવિવારના રોજ, આ સંસ્થા તથા ગ્રીનસીટી ચેરીટેબલ ટ્રસ્ટ, ભાવનગરના સંયુકત ઉપક્રમે, વૃક્ષારોપણનો કાર્યક્રમ ઉજવાય ગયો. શ્રી દેવેનભાઈ શેઠ, સંસ્થાના સહ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ વિ. એ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરેલ હતું. નટરાજ કોલેજના પરિસરમાં ૫૦ વૃક્ષોના છોડનું આરોપણ કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં શ્રી કિરીટભાઈ રાઠોડ તથા શ્રી પારસભાઈ શાહ દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી અશ્વિનભાઈ પંડયા (કે.એલ.), શ્રી અલ્પેશભાઈ શેઠ (અંકુર), શ્રી પારસભાઈ શાહ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી આનંદભાઈ શાહ (પી.એન.આર.), શ્રી અચ્યુતભાઈ મહેતા અને ગ્રીનસીટીના સ્વયંસેવકો ઉપસ્થિત રહયાં હતાં અને તેઓના વરદ્ હસ્તે વૃક્ષારોપણ થયેલ. સમગ્ર વૃક્ષારોપણના આયોજનમાં શ્રી જનકભાઈ માળીએ ખૂબ મહેનત કરેલ હતી.

# અમો ઋણી છીએ દાતાઓના

**૧ ઑગષ્ટ - ૨૦૧૬ થી ૩૦ સપ્ટેમ્બર - ૨૦૧૬ સુધી**
**રૂ.૧૦૦૦ કે તેથી વધારે મળેલ રકમની દાનની યાદી**

## P. N. R. SOCIETY

### (35 A.C.)

| | |
|---|---|
| Dr.rakesh Markandeya - Solan (H.p.) | 5000 |
| Shri Sangeeta Sulekha - Culcutta | 14000 |
| Dr.R. B.Thorat - Bhavnagar | 40000 |
| M/S. Hind Corporattion - Mumbai | 75000 |
| Shri Rekhaben A.mehta - Mumbai | 11000 |
| Shri Kiritbhai Chhotalal Bhagat - Mumbai | 5000 |
| Dr.R. B.Thorat - Bhavnagar | 40000 |
| Shri Anjali Jagadish Jhaveri - Mumbai | 12000 |

### (80-G)

| | |
|---|---|
| M/S. B.k.parekh Parkinson's Disease & Movment Disorder - Mahuva | 39000 |
| Shri Vedang Gupta - Bhavnagar | 5000 |
| Shri Dosti Trust - Mumbai | 5000 |
| Shri M. K. Sheth Charity Trust - Mumbai | 78000 |
| Shri Jigishaben Pankajbhai Mehta - Mumbai | 11000 |
| Shri Ghatkopar Hindu Sabha - Mumbai | 500000 |
| M/S. Thakkar Electronics - New Mumbai | 1001 |
| M/S. Hindustan Pencils Pvt.ltd. - Mumbai | 54000 |
| Shri Nikunj R.joshi - Bhavnagar | 11000 |

### (35-AC-CP School)

| | |
|---|---|
| Shri Nishchal H. Israni - Mumbai | 1000000 |
| Shri Krishnani Rajesh Satish - Mumbai | 30000 |
| Shri Mrudulaben J. Mehta - Bhavnagar | 25000 |

## K. L. INSTITUTE FOR THE DEAF

### (35 A.C.)

| | |
|---|---|
| Medinex Laboratories Pvt.ltd - Bhavnagar | 25000 |
| Medinex Speciality Chemical Pvt.ltd-Bhavnagar | 25000 |
| D Hariyani And Co. - Bhavnagar | 25000 |
| Shri Ashwinkumar G Pandya - Bhavnagar | 50000 |
| Shri Kanjibhai Jivabhai Ahir - Bhavnagar | 100000 |
| Shri Darshan Sureshbhai Pandya - Bhavnagar | 50000 |
| Shri Mrudulaben Jitendrabhai Mehta-Bhavnagar | 25000 |
| Shri Chandrakant C Desai - Mumbai | 120000 |

### (80-G)

| | |
|---|---|
| Lt. Navneetrai Mohanlal Badan - Bhavnagar | 1001 |
| Shri Kaushlyadevi M Goyal - Mumbai | 4000 |
| Shri Jignaben Khusvadan Ladhawala - Bhavnagar | 10000 |
| Lt.narendrabhai Manubhai Sheth - Bhavnagar | 5000 |
| Shri Mrudulaben Rameshchandra Mehta-Bhav. | 7000 |
| Shri Rashesh Vyas - Ahmedabad | 25000 |
| Shri Ajaybhai Doshi - Bhavnagar | 5000 |
| Lt.gijubhai Trivedi - Bhavnagar | 26000 |
| Shri Ushaben Babubhai Devani - Bhavnagar | 3000 |
| Shri Mihirbhai Babubhai Devani - Bhavnagar | 7000 |
| Shri Sureshbhai Badani - Bhavnagar | 1111 |
| Shri Nirajbhai Thakkar - Bhavnagar | 5000 |
| Shri Anandbhai & Arvindbhai Kakadiya-Bhavnagar | 5000 |
| Shri Kiritbhai Pandya - Mumbai | 2500 |
| Shri Dharmashibhai A. Ghevariya - Bhavnagar | 15151 |
| Shri Mrudulaben Jitendrabhai Mehta - Bhavnagar | 7000 |
| Shri Nirmalsinh Satubha Gohil - Bhavnagar | 6500 |
| Shri Geetaben Trivedi - Bhavnagar | 6000 |
| Shri Maheshbhai Ranpura - Bhavnagar | 1000 |
| Shri Suryakantbhai Chavda -Bhavnagar | 16000 |
| Shri Raxaben Dave - Bhavnagar | 7500 |
| Sheth Ratanji & Jivandas Charita. Trust-Mumbai | 51000 |
| Satbhama Tekchand Charitable Trust - Mumbai | 100000 |
| Shri Bipinbhai Thakkar - Bhavnagar | 12000 |
| Shri Veenaben Vyas - Bhavnagar | 2500 |
| Shri Manharbhai Sundarjibhai Kariya-Bhavnagar | 5000 |
| Shri Vinaybhai Desai - Mumbai | 4150 |
| Shri Bhaveshbhai Himmatbhai Chavda-Bhav. | 49500 |
| Shri Ranjanben K Shah - Bhavnagar | 5000 |
| Shri Samarth Mehulbhai Kanada - Bhavnagar | 7000 |
| Shri Piyushbhai Parashrya - Bhavnagar | 8000 |
| Shri Padmaben Sheth - Bhavnagar | 1000 |
| Shri Sureshbhai Trivedi - Bhavnagar | 4000 |
| Shri Manharlal Govindji Shah - Bhavnagar | 3000 |
| Dr.shah Krutiben Pankajbhai - Bhavnagar | 10000 |
| Shri Pramodbhai Bhatt - Bhavnagar | 8400 |
| Shri Purnimaben Bharatbhai Vyas - Bhavnagar | 3000 |
| Shri Mangalaben B Joshi & Ichhaben P Dave - Bhavnagar | 3500 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

### (80-G)

| | |
|---|---|
| Shri Harunbhai Khimani - Mumbai | 25000 |
| Shri Meenaben Chimanlal Mehta - Mumbai | 10000 |
| Shri Akashbhai Lalajibhai Babharoliya - Bhavnagar | 8000 |
| In Memory of Late Shri Narendrabhai Manubhai Seth - Bhavnagar | 5000 |
| Shri Mahendrabhai Maniyar - Bhavnagar | 5000 |
| Shri Parekh Parivar - Bhavnagar | 3000 |
| Shri Anubhuti Trust - Bhavnagar | 2000 |
| Shri Zaibunben Merchant - Bhavnagar | 1111 |
| Shri Pragneshbhai B. Pathak - Bhavnagar | 1001 |
| Ethnica (Uttam Selection) - Bhavnagar | 1000 |


આહલાદક સુગંધ
વાતાવરણમાં લાવે રંગત...
તાલ મિલાવે પરસ્પરના સબંધની સંગત...
તન મન ઝુમી ઉઠે... હર પળ બને મંગલ...
माजा
AGARBATTI
SHASHI INDUSTRIES
SELARSA ROAD, BHAVNAGAR - 364001.
RAJAJI NAGAR, BANGLORE - 560010.
SHASHI
CROREPATI
(GOLD)
AGARBATTI
Made in India
शशी
डेनिम
Flora
अगरबत्ती
SHASHI INDUSTRIES
Shashi's
SANDAL
NATURALS
Agarbatti
DENIM
AGARBATTI
REGD, NO. 496346
SHASHI INDUSTRIES
माजा
अगरबत्ती
करोड़पती
अगरबत्ती
સિલ્વર પેકમાં
डेनिम
Flora
SANDAL
Agarbatti
डेनिम
अगरबत्ती
...ઉત્પાદક... શશી ઈન્ડસ્ટ્રીઝ
ભાવનગર–અમદાવાદ–બેંગ્લોર
email:shashiho@sancharnet.in

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly ◆ Postage stamp in cash




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils.com